સુવિચાર
''ચમચો જે વાસણમાં રહે છે, એ વાસણને ખાલી કરી નાખે છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૨/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા વદ-૫ વર્ષ : ૧૭ અંક : ૦૪૬

## સમગ્ર પંથકનાં ધંધા, ઉદ્યોગમાં તેજીનો માહોલ ઉભો કરવા માટે

# અમરેલીનાં શેડુભાર નજીક જીઆઈડીસી કાર્યરત કરો

- ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજય ઉર્જામંત્રીને પત્ર પાઠવવામાં આવ્યો
- વિશાળ માત્રામાં ખરાબાની જમીન ઉપલબ્ધ હોવાથી જીઆઈડીસી બની શકે તેમ છે
- જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવે તો ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે
- કૃષિ પ્રધાન જિલ્લામાં ઉદ્યોગોનું સ્થાપન થાય તો રોજગારીનું પ્રમાણ પણ વધી શકે




પ્રતિકાત્મક તસ્વીર


અમરેલી, તા. ૫
અમરેલીએ જિલ્લાનું મુખ્ય મથકછે. અમરેલીખાતેઆજથી ૭૦થી ૭૫ વર્ષ પહેલા રેલ્વે સ્ટેશન નજીક જીઆઈડીસીની સ્થાપના થયેલ. જેનો લાભ ઉદ્યોગ સાહસિકોને સારી રીતે મળેલ અને દાયકાઓ બાદ વધુ એક

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજુલાનાં નવી બારપટોળી ગામનાં યુવકે ગળાફાંસો ખાઈ લેતા મોત

અમરેલી, તા. ૫, રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામે બાપા સીતારામના ઓટા પાસે રોડ ઉપર રહેતાં દિવ્યેશપરી દેવપરી ગોસ્વામી નામના ૨૨ વર્ષીય યુવકે દોઢેક મહિના પહેલા પાયલબેન રમેશભાઈ બારૈયા (રહે. ચાંચ) સાથે મૈત્રી કરાર કરેલ હતાં. જે મૈત્રી કરાર રદ થતાં યુવકને મનમાં લાગી આવતા તા. ૪ના રોજ બપોરનાં ૧ વાગ્યાની આસપાસ તેમના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરાના ખંભાળા ગામનાં આધેડે લગ્ન થતાં ન હોવાથી ઝેર ગટગટાવી લીધું

અમરેલી, તા. ૫
બાબરા તાલુકાનાં ખંભાળા ગામે રહેતા ગોરાભાઈ ઉર્ફે ગોરધનભાઈ ધુડાભાઈ મેવાડા નામનાં ૪૫ વર્ષીય આધેડનાં ૪૫ વર્ષની ઉંમર થવા છતાં લગ્ન થતા ના હોય. જે વાતનું મનમાં લાગી આવતા ગત તા. ૧ના રોજ બપોરના આશરે અઢી વાગ્યાના સમયગાળા દરમ્યાન ખંભાળા ગામે વાડીએ ખડ બાળવાની ઝેરી દવા પી જતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

|| જય નાગનાથ ||
છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવપૂર્ણ શ્રદ્ધાસુમન અર્પિત...



સ્વ. ભરતકુમાર એન. પંડયા (એડવોકેટ)
કૈલાસવાસ તા. ૦૬/૦૨/૨૦૨૦

આપના પૂણ્યાત્માની દિવ્ય જ્યોતિનો પ્રકાશ અમોને સદૈવ આત્મબળ અને પ્રેરણા આપતો રહેશે.

લી.
રમાબેન ભરતકુમાર પંડયા (પત્નિ)
કૌશલભાઇ ભરતકુમાર પંડયા (પુત્ર)
નિમીષાબેન (નિકુ) કૌશલભાઇ પંડયા (પુત્રવધુ)
સમર્થભાઇ કૌશલભાઈ પંડયા (પૌત્ર)
તથા પંડયા પરિવારનાં
હર... હર... મહાદેવ...
પન્નાબેન રૂચીરભાઈ જોષી (પુત્રી)
રૂચીરભાઇ આર. જોષી (જમાઈ)
દર્શનાબેન સંજયભાઇ ચાવડા (પુત્રી)
સંજયકુમાર ડી. ચાવડા (જમાઈ)
કૃપા આર. જોષી (ભાણેજ)
દીયા આર. જોષી (ભાણેજ)
માન્યા સંજયભાઈ ચાવડા (ભાણેજ)



ખીજડીયા રાદડીયા (જંકશન)
ગામની યુવા પ્રતિભાને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.....



શ્રી વિપુલ પોંકીયા (પ્રમુખ : અમરેલી તાલુકા કોંગ્રેસ)

સદાય હસતો ચહેરો, નીડર અને નિખાલસ વ્યકિતત્વ, મિત્રો અને ગામના લોકો માટે અડધી રાતનો હોકારો, સમાજ સેવા અને લોકોની સેવામાં હંમેશા અગ્રેસર, સર્વ સમાજને હંમેશા સાથે લઈને ચાલનાર, અમરેલી તાલુકાના નાના એવા ખીજડીયા રાદડીયા (જંકશન) ગામનાં ઉર્જાવાન યુવાન શ્રી વિપુલભાઈ પોંકીયા ને અમરેલી તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે નિમણુંક થવાથી સમગ્ર ખીજડીયા રાદડીયા ગામમાં અને મિત્ર વર્તુળમાં ઉત્સાહ અને આનંદની લાગણી વ્યાપી ગઈ છે, ભારત દેશને સ્વતંત્રતા અપાવનાર અને દેશમાં લોકશાહી સ્થાપનાર કોંગ્રેસ પક્ષનાં અમરેલી તાલુકા કોંગ્રેસનાં પ્રમુખ પદે શ્રી વિપુલભાઈ પોંકીયા ની નિમણુંક થતાં સમગ્ર ખીજડીયા રાદડીયા ગામનું ગૌરવ વધારેલ છે, આપ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરો અને સફળતાના શિખરો સર કરો તેવી શુભેચ્છાઓ.....

શુભાષિતશ્રીઓ
યુવા મિત્ર મંડળ તેમજ સમસ્ત ગ્રામજનો
ખીજડીયા રાદડીયા (જંકશન)
તા.જી. અમરેલી




### બે દિવસ પહેલા બપોરનાં સમયે

# જાફરાબાદનાં મોટા માણસા ગામની સીમ નજીક યુવક ઉપર થયો હુમલો

## ૩ આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૫

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતાં જગુભાઈ કાળાભાઈ બાંભણીયાના ભાણેજ હિરેન હિંમતભાઈ જાદવ તથા તેનો મિત્ર જયેશભાઈ કનુભાઈ સાખંટ બંને વ્યકિત ગત તા. ૩ ના રોજ બપોરે ૩ઃ૩૦ વાગ્યા દરમિયાન મોટા માણસા ગામની સીમમાં આવેલ વાડીએ જતા હતા. તે દરમિયાન જયેશના દાદાના દિકરા આરોપીઓ ભાભલુભાઈ જોધાભાઈ સાંખટ તથા ચેતનભાઈ પરમાર (રહે. ઉના) ઉભેલ હોય અને આ આરોપી ભાભલુભાઈને જયેશ સાથે મનદુઃખ ચાલતુ હોય, અને આ ભાણેજ હિરેશ આ જયેશ સાથે રહેતો હોય, તે આ ભાભલુને ગમતું ન હોય જેથી આ આરોપીઓ ભાભલુભાઈ, અશ્વિનભાઈ બારૈયા તથા મહેશભાઈ ડાયાભાઈ રાઠોડે આ હિરેનને જેમ ફાવે તેમ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી મહેશ તથા અશ્વિને ઈજા પામનાર હિરેને પકડી રાખી આરોપીએ ડાબા પડખામાં ઈજા પામનાર હિરેનને મારી નાખવાના ઈરાદે છરી મારી જીવલેણ ઈજા કર્યાની પોલીસમાં ફરીયાદ નોંધાય છે.

### એથ્લેટિક્સ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન

# અમરેલીનાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાનાં ખેલાડીઓ ખેલ મહાકુંભમાં અગ્રેસર

## ૩ સુવર્ણ અને ૧ રજત પદક પ્રાપ્ત કર્યો



અમરેલી, તા. ૫

અમરેલી તારીખ : ૨૯-૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ખેલ મહાકુંભ યુ-૧૭ ભાઈઓની રાજય કક્ષા એથ્લેટિકસ ચેમ્પિયનશિપનું આયોજન નડિયાદ, ગુજરાત મુકામે થયું હતું, જેમાં રાજયના વિવિધ જિલ્લા માંથી બહોળી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. તેમાં અમરેલી જિલ્લાની તરફથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલ (ડી.એલ.એસ.એસ.) ખેલાડીઓએ ભાગ લઈ સિદ્ધીઓ હાંસલ કરી. જેમાં ૧) સાટીયા યસ એ લોંગ જંપ સુવર્ણ પદક અને ત્રિપલ જંપ સુવર્ણ પદક મેળવેલ, ૨) ભુરીયા આકાશ એ ૮૦૦ મીટર દોડ સુવર્ણ પદક, ૪૦૦ મીટર દોડ રજત પદક મેળવી શાળા પરિવાર અને તેમજ અમરેલી જિલ્લાનું નામ રાજય કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત-ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ, તેમજ કોચ અને ટ્રેનરને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### હરીપરા પ્રાથમિક શાળામાં

# સામાજીક વિજ્ઞાન મેળો યોજાયો



અમરેલી, તા. ૫

હરિપરા પ્રાથમિક શાળા પીએમ ગુજરાત ધારીમાં સામાજિક વિજ્ઞાન મેળો સામાજિક વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવેલ હતું. તેમાં શાળાના ૮૨ બાળકોએ ભાગ લીધો હતો અલગ અલગ ૩૭ કૃતિઓ રજુ કરી હતી. સામાજિક વિજ્ઞાન વિષયને અસર કરતાં મુદ્દાઓને મોડયુલ અને કૃતિઓના ચાર્ટ બાળકોએ રજુ કરી અને તે ઉપર જાણકારી મેળવી હતી. ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતી વેશભૂષા પ્રદર્શન અને અલગ અલગ માધ્યમથી વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલ હતા. સૌપ્રથમ સીઆરસી અતુલભાઈ દવે તેમજ નવી વસાહત પે સેન્ટરના આચાર્ય નીતિનભાઈ આચાર્ય તથા સ્ટાફ દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમ ખુલ્લુ મુકવામાં આવેલ હતું. શાળાના ૪૫૦ વિદ્યાર્થીઓ અને ૧૫ શિક્ષકો દ્વારા આ કાર્યક્રમ ઉજવવામાં આવેલ હતું. તેમાં ગ્રામજનો વાલીગણ તેમજ એસએમસી સભ્યો તેમજ આઈ.ટી.આઈ. કોલેજના પ્રિન્સિપાલ કાબરીયા પ્રદર્શન નિહાળ્યું હતું પ્રદર્શનમાં સામાજિક શિક્ષક હિરેનભાઈ તેમજ તમામ શિક્ષક સ્ટાફની મહેનત અને આચાર્યના માર્ગદર્શન હેઠળ સુંદર ઉજવણી કરવામાં આવી હતી અંતમાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ભેળનો નાસ્તો કરાવવામાં આવેલ હતો. શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી.

### 'બેટી બચાવો બેટી પઢાઓ' અન્વયે

# અમરેલી ખાતે ટી.પી. ગાંધી સ્કૂલ ખાતે કિશોરી મેળાનું આયોજન થયું

## ડો. કિરણબેન ગેડીયા દ્વારા માર્ગદર્શન અપાયું

અમરેલી, તા. ૫

જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરીના માર્ગદર્શનમાં અમરેલી સ્થિત ટી.પી. ગાંધી સ્કૂલ ખાતે 'બેટી બચાવો,બેટી પઢાઓ, યોજના અન્વયે કિશોરી મેળો યોજાયો હતો. અર્બન હેલ્થ સેન્ટર આર.બીએસકે સ્ટાફ ડો. કિરણબેન ગેડીયા દ્વારા કિશોરીઓના સ્વાસ્થ્ય અને માસિક સ્વચ્છતા વિષયક માહિતી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. ઉપરાંત કિશોરીઓની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી. સાથે ઓલ્બેનડોજેલ ટેબ્લેટ, આયર્ન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### બાવળની કાંટ નીચે જાહેરમાં રમતા હોય

# અમરેલીમાં નવા હુડકો નજીકનાં વિસ્તારમાંથી ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

## સિટી પોલીસે રૂપિયા ૧૦૩૨૦ કબ્જે કર્યા

અમરેલી, તા.૫

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપે. ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમી હકીકત આધારે અમરેલીના ફતેપુર રોડ ઉપર આવેલ નવા હુડકો સામે, ડર્ટી વિસ્તારમાં બાવળની કાંટ નીચે તે જ વિસ્તારમાં રહેતા નરેશભાઈ ગરીબભાઈ કુવારદીયા, ભરતભાઈ ગરીબભાઈ કુવારદીયા, રાહુલભાઈ પ્રવીણભાઈ દંતાણી તથા જીતુભાઈ ભીમાભાઈ પરમાર સહિત ચાર ઈસમો જાહેરમાં જુગાર રમતા કુલ રોકડ રૂપીયા ૧૦,૩૨૦ ના મુદ્દામાલ સાથે



પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### આગામી ૧૦ ફેબ્રુઆરી અને ૧૨ ફેબ્રુઆરીએ

# અમરેલી ખાતે દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ માટે બેટરી ટેસ્ટનું આયોજન

## પસંદગી પામેલ ખેલાડીઓએ ઉપસ્થિત રહેવું

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાના ખેલ મહાકુંભ ૨૦૨૫માં અંડર-૯ અને અંડર-૧૧ તાલુકા કક્ષાની ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ અને સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ સ્પર્ધાઓના ૧ થી ૮ વિજેતા ભાઈઓ-બહેનો જિલ્લા કક્ષાએ બેટરી ટેસ્ટ આપી શકશે.

તાલુકા કક્ષાએ બેટરી ટેસ્ટમાં પસંદગી પામેલા ખેલાડીઓની જિલ્લા કક્ષાના બેટરી ટેસ્ટનું અમરેલી સરદાર પટેલ રમત સંકુલ (ગોળ દવાખાનાની બાજુ, ચિતલ રોડ) ખાતે અંડર-૯ અને ૧૧ બહેનો માટે તા. ૧૦/૫/૨૦૨૬ના તથા અંડર-૯ અને અંડર-૧૧ ભાઈઓ માટે તા. ૧૧/૨/૨૦૨૬ના રોજ સવારે ૬ઃ૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

આમ ૧ થી ૮ ક્રમમાં પસંદગી પામેલ ખેલાડીઓએ જિલ્લા કક્ષાના બેટરી ટેસ્ટ માટે આધાર કાર્ડ અને સ્કૂલ આઈ.ડી સાથે સ્વખર્ચે સ્પર્ધા સ્થળ ખાતે ઉપસ્થિત રહેવું.

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કુલ યોજના અંતર્ગત આગામી શૈક્ષણિક વર્ષના સમયગાળા દરમિયાન યોગ્યતા ધરાવતા ખેલાડીઓની પસંદગી કરવાની રહે છે, જેના માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યંગ ટેલેન્ટ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે, તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સાવરકુંડલા ખાતે મેન્ટલ હેલ્થ કલબ તથા વુમન સેલ દ્વારા સેમિનાર યોજાયો









સાવરકુંડલા નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ ખાતે મેન્ટલ હેલ્થ કલબ તથા વુમન સેલ ધ્વારા એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અમરેલી જિલ્લાના જાણીતા ડાયટીશીયન કુ. હેત્વીબેન ગઢીયાએ બહેનોમાં જોવા મળતી હેલ્થને લગતી સમસ્યાઓમાં પીસીઓડી તથા પીસીઓએસ વિશે માહિતી આપી હતી તેમજ બહેનોને મેન્ટલ હેલ્થના સંદર્ભમાં અનેક પ્રકારના ઉપાયો સૂચવ્યા હતા તથા પોષક તત્વો શરીરમાં પાણીની માત્રા કેટલી જરૂરી છે અને શારીરિક અને માનસિક તંદુરસ્તી જાળવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કાર્યકારી આચાર્ય ચાવડા સંકલન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો. પ્રતિમા શુકલએ કર્યું હતું. આ કાર્યક્રમમાં કે.કે.હાઈસ્કૂલ માંથી નૂતનબેન ચૌધરી તેમની વિદ્યાર્થીનીઓ સાથે પધાર્યા હતા. આ કાર્યક્રમમાં મહિલા કોલેજ તથા કે.કે. હાઈસ્કૂલની બહેનો જોડાઈ હતી. પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આભાર દર્શન ડો. રૂકશાનાબેન કુરેશીએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંપૂર્ણ સ્ટાફ મિત્રોનો સહયોગ મળ્યો હતો.

## યુથ કોંગ્રેસ દ્વારા ગિગ વર્કર્સ માટે ''યુવા ન્યાય'' અભિયાનની શરૂઆત

# દેશમાં બેરોજગારીનો દર ૪૫ વર્ષમાં સૌથી વધુ : કોંગ્રેસ

**ગૌરવ, સુરક્ષા અને સન્માન આપવા માટેની માંગ કરવામાં આવશે**

**રોજગારીનાં અભાવે બેરોજગાર યુવાનોને પોતાનો જીવન નિર્વાહ કરવો પણ મુશ્કેલ બન્યો**

**યુવાનો મજબુરીવશ શોષણભર્યુ કામ કરવા માટે મજબુર બન્યાનું પણ જણાવાયુ**

**ગિગ વર્કર્સને વધુમાં વધુ આર્થિક અને સામાજિક સુરક્ષા આપવાની માંગ કરાઈ**

અમદાવાદ, તા. ૫

આજે દેશમાં ખૂબ જ મોટા પ્રમાણમાં બેરોજગારીનો દર છે. છેલ્લા ૪૫ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. આ બેરોજગારીના લીધે યુવાનોને પોતાનો જીવન નિર્વાહ કરવો પણ મુશ્કેલ બન્યો છે અને શોષણભર્યુ કામ કરવા માટે મજબૂર બન્યા છે. આવી પરિસ્થિતિમાં ભારતમાં ઝડપથી વધતી એપ-આધારિત પ્લેટફોર્મ ઈકોનોમી જેમ કે Zomato, Swiggy, Blinkit, Zepto, Ola, Uberમાં કામ કરતા ગિગ વર્કર્સની સંખ્યા ઝડપી ગતિએ વધી રહી છે. ગિગ વર્કરને ગૌરવ, સુરક્ષા અને સન્માન અપાવવા માટે યુવા કોંગ્રેસ 'ન્યાય અભિયાન'ની શરૂઆત કરી છે તેના વિશે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખે અમદાવાદ ખાતે માહિતી આપી હતી.



આ અંગે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણસિંહ વણોલે જણાવ્યું હતું કે, દેશના યુવાનોનું જીવન અને જીવિકા બંને અલગોરિધમના ગુલામ બની ગયા છે તેમને પાર્ટનર જેવા નામ આપીને શ્રમના યોગ્ય વળતરથી પણ વંચિત રાખવામાં આવે છે. ગિગ વર્કરની અનેક સમસ્યાઓ છે, જેમ કે કોઈ ન્યુનતમ આવકની ગેરંટી નથી. દૈનિક કમાણી પણ અનિશ્ચિત છે અને તે સતત ઘટતી જઈ રહી છે, અકસ્માત, આરોગ્ય સમસ્યાઓ અથવા બીમારી સમયે કોઈ વીમા અથવા સહાય મળતી નથી, પ્લેટફોર્મ દ્વારા મનમાની રીતે એકાઉન્ટ/આઈડી બ્લોક કરી દેવામાં આવે છે. જેથી કરીને રોજગાર પર તાત્કાલિક અસર થઈ જાય છે.

યુથ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, નિતિ આયોગની રીપોર્ટ (૨૦૨૨) મુજબ ૨૦૨૦-૨૧માં અંદાજે ૭૭ લાખ ગિગ વર્કર્સ હતા, જે ૨૦૨૯-૩૦ સુધીમાં ૨.૩૫ કરોડ સુધી પહોંચી શકે છે. જો કે હકીકતમાં આ આંકડો આ કરતાં ઘણો વધારે છે. ગિગ વર્કર ન્યાય અભિયાનનો મૂળ ઉદ્દેશ્ય એ છે કે કેન્દ્ર સરકાર દ્વારા એક યોગ્ય રાષ્ટ્રીય કાયદો બનાવવામાં આવે જે એપ આધારિત ગિગ વર્કર્સને અસંભવ ટાર્ગેટ અને અન્ય ગુલામમાંથી મુકિત આપવી, આરોગ્ય, વીમો, અકસ્માત કવર, માતૃત્વ લાભ, પેન્શન, વૃદ્ધાવસ્થામાં સુરક્ષા, યોગ્ય મહેતાણું, ન્યૂનતમ આવકની ગેરંટી, પારદર્શી ચુકવણી, કાનૂની સંરક્ષણ, ફરિયાદ નિવારણ તંત્ર અને આઈડી બ્લોકિંગ પર પ્રતિબંધ મુકવામાં આવે તેવી માંગણી કરવામાં આવશે, આ કાયદો ગિગ વર્કર્સને દાયરા હેઠળ લાવી તેમને કર્મચારીનો દરજ્જો આપે. પાર્ટનર નામ આપીને કંપનીઓને કાનૂની જવાબદારીઓથી બચાવવાની અને છેતરપિંડીઓ બંધ થશે. યુથ કોંગ્રેસ દ્વારા 'યુવા ન્યાય' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જેમાં તબક્કાવાર રીતે ગિગ વર્કર્સની સમસ્યાનો ઉકેલ લાવવા માટે યુવા કોંગ્રેસ આ અભિયાન ગુજરાતના મોટા શહેરોમાં શરૂઆત કરવામાં આવ્યું છે. વધુમાં તેઓએ ઉમેર્યુ હતું કે, રાજસ્થાનમાં જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે સામાજિક સુરક્ષા, કલ્યાણકારી લાભો, ગિગ વર્કરની પણ સુરક્ષા, આરોગ્ય અને અકસ્માતનો વિમો, ભણતા બાળકો માટે સ્કોલરશીપ અને શિક્ષણના અન્ય લાભો પણ આપવામાં આવતા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઉવેશ મન્સૂરી, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી પૃથ્વીરાજસિંહ સોલંકી, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મીડિયા વિભાગના ચેરમેન મુકેશ આંજણા, અર્ષદ શેખ, ભાવિક સોલંકી વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટ એસીબીએ સફળ કામગીરી કરી

## અમરેલીનાં લાઠી બાયપાસ નજીકથી જેલનાં સુબેદાર ૫ હજારની લાંચ લેતા ઝડપાયા

**બુધવારે લીધા બાદ ગુરૂવારે પણ લાંચ લેવાનો પ્રયાસ કર્યો**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા જેલનાં સુબેદાર આજે રૂપિયા પાંચ હજારની લાંચ લેતા રંગેહાથે ઝડપાતા ચકચાર મચી છે.



વિગત એવા પ્રકારાની છે કે, જિલ્લા જેલમાં રહેલ એક આરોપીને સુવિધા આપવા માટે સુબેદાર હીરાભાઈ સોલંકીએ રૂપિયા ૧૦ હજારની લાંચ માંગેલ જે પૈકી ૫ હજાર રૂપિયા ગઈકાલ બુધવારે લીધા બાદ વધારાની પાંચ હજારની રકમ માટે અમરેલીનાં લાઠી બાયપાસ નજીકનું સ્થળ નક્કી થયા બાદ એક જાગૃત નાગરિકે આ અંગે અમદાવાદ એ.સી.બી. ખાતે ૧૦૬૪માં ફોન કરી જાણ કરેલ.

જેને લઈને રાજકોટનાં પીઆઈ આર.આર.સોલંકી અને ઈન્ચાર્જની મદદનીશ નિયામક અધિકારી મયુરસિંહ સોલંકી સહિતનાં અધિકારીઓએ લાંચનું છટકુ ગોઠવીને સુબેદારને ૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધેલ છે.

### એસ.પી.નાં માર્ગદર્શનતળે પેરોલ ફર્લો સ્કવોર્ડની કામગીરી

## વડિયા પો.સ્ટે.નાં નોંધાયેલ અપહરણના ગુન્હામાં ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત

**આરોપીને નડીયાદ શહેરમાંથી ઝડપી લેવાયો**

અમરેલી, તા. ૫

વડિયા પો.સ્ટે.માં નોંધાયેલ ગુન્હાનાં આરોપી ૧૭ વર્ષથી ફરાર આરોપીને ઝડપી લેવામાં આવેલ છે.


અમરેલી પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે પેરોલ ફ્લોસ્કવોર્ડ ટીમ નડીયાદનાં યોગીનગર વિસ્તારમાં રહેતાં આરોપી ઉમેદભાઈ ઉર્ફે ઉમેશભાઈ હુદડને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.




































### વડાપ્રધાન મોદીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું

# કોંગ્રેસના શાસનમાં કોઈ ટ્રેડ ડિલ થઈ નહીં, તેમના કારણે દેશની અર્થવ્યવસ્થા પાછળ રહી

### નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે, મહિલાઓ-યુવાનોનો વિકાસ અમારો ટાર્ગેટ છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજયસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, આજે દુનિયા પડકારો સામે ઝઝૂમી રહી છે. નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે. મહિલાઓ-યુવાનોનો વિકાસ અમારો ટાર્ગેટ છે. આ બાજુ વિપક્ષે વોકઆઉટ કર્યું છે. પ્રધાનમંત્રીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું કે, કાલે હું જોઈ રહ્યો હતો, જે ખુદને રાજા માને છે, તે આર્થિક અસમાનતાની વાતો કરી રહ્યા હતા. ઘુસણખોરોની વકાલત કરનારાઓને યુવાનો કેવી રીતે માફ કરશે. ઘુસણખોર તેમની આઝાદી છીનવી રહ્યા છે. તેમની રોજી રોટીનો હક છીનવી રહ્યા છે. આવા લોકો માટે આ લોકો કવચ બનેલા છે.

વોકઆઉટ પર ગયેલા વિપક્ષ પર કટાક્ષ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, જે લોકો થાકી ગયા હતા, જતાં રહ્યા, પણ ક્યારેકને ક્યારેક તેમને જવાબ આપવો પડશે કે દેશની આવી હાલત કેવી રીતે બનાવી નાખી. દુનિયાના કોઈ દેશ આપણી સાથે ડિલ કરવા આગળ નહોતા આવતા. તમારી કોશિશ રહેશે કે પાછળ પાછળ ગયા પણ કોઈ દેશ ડિલ નહોતા કરતા. તેની પાછળ સૌથી મોટી ડેવલપ કન્ટ્રી એક ડેવલપિંગ કન્ટ્રી સાથે ડિલ કરે છે તો આ મોટી વાત છે. આ ત્યારે થાય છે, જ્યારે આપની પાસે સામર્થ્ય હોય, આપના નાગરિકોની અંદર દેશવાસીઓની અંદર ઊર્જા હોય.ટીએમસી પર પ્રહાર- ઘુસણખોરોને બચાવવા માટે કોર્ટ પર પ્રેશર, કોર્ટમાં દબાણ બનાવી રહ્યા છે. શું આપણા યુવાનો આવું સહન કરશે. આમ આદમી પર કટાક્ષ- એક પાર્ટી જેમની આખી સરકાર દારુમાં જતી રહી, તે બ્લેકની વાત કરી રહ્યા હતા, લાગે છે કે તેમનું બ્લેક સાથે કંઈક છે. બધાનો અતીત હોય છે.

લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક પરિસ્થિતિ અને ભારતની ભૂમિકા અંગે મહત્વપૂર્ણ વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે આજે આખી દુનિયા અસ્થિરતાના સમયમાં પસાર થઈ રહી છે અને પોતાને સંભાળી શકતી નથી. બીજા વિશ્વયુદ્ધ પછી હવે એક 'નવો ગ્લોબલ ઓર્ડર' ઊભો થઈ રહ્યો છે. પીએમ મોદીએ ખાસ ઉલ્લેખ કર્યો કે આવા નાજુક સમયમાં, જ્યારે આખી દુનિયા યુદ્ધ અને સંકટોથી ઘેરાઈ છે, ત્યારે ભારત એક 'વિશ્વ-બંધુ' અને આશાની કિરણ બનીને ઊભરી રહ્યું છે. તેમણે આને ભારત માટે ઐતિહાસિક તક ગણાવી અને કહ્યું કે દેશ આજે સૌથી ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઘણા વિકસિત દેશો એવા તબક્કે પહોંચી ગયા છે જ્યાં તેમની વસ્તી વૃદ્ધ થઈ રહી છે, જ્યારે આપણો દેશ પોતાની યુવાન વસ્તીના બળ પર સફળતાની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. તેમણે કહ્યું, ''અમારી પાસે યુવાનોનો એક મોટો 'ટેલેન્ટ પૂલ' (પ્રતિભાનો ભંડાર) છે, જેમણે સપના છે, દૃઢ સંકલ્પ છે અને ક્ષમતા છે.'' પીએમ મોદીએ આગળ કહ્યું કે ભારત એ દેશોમાંથી એક છે જે આશાની કિરણ છે, એવો દેશ છે જે દુનિયાની પડકારોનો જવાબ આપશે. પીએમ મોદીએ કહ્યું કે મુખ્ય અર્થતંત્રોમાં ભારતે ઊંચી વૃદ્ધિ દર (High Growth) નોંધાવી છે અને 'હાઈ ગ્રોથ-લો ઈન્ફ્લેશન' (ઝડપી વિકાસ અને ઓછી મોંઘવારી)નું આ સંયોજન અનોખું છે. તેમણે કહ્યું કે આ આપણા અર્થતંત્રની શક્તિ દર્શાવે છે.પીએમ મોદીએ ખૂબ જ સંયમિત અને વ્યંગ્યભર્યા અંદાજમાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે પર નિશાન સાધ્યું. હોબાળા વચ્ચે પીએમ મોદીએ સભાપતિને સંબોધીને કહ્યું, ''સભાપતિજી, મારી એક વિનંતી છે. ખડગેજીની ઉંમરને ધ્યાનમાં રાખીને, જો તેઓ બેઠા રહીને નારા લગાવશે તો સારું રહેશે. તેમને કોઈ તકલીફ ન થાય. અહીં ઘણા યુવાન સભ્યો હાજર છે, કૃપા કરીને ખડગેજીને બેઠા રહીને નારા લગાવવાની સુવિધા આપવામાં આવે.''

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત પ્રત્યે વિશ્વનું આકર્ષણ વધી રહ્યું છે અને ભારતના ટેલેન્ટનું મહત્ત્વ વિશ્વ સમજી રહ્યું છે. વિશ્વમાં અનેક પડકારો વચ્ચે ભારત આશાનું કિરણ બન્યું છે. મોટી અર્થવ્યવસ્થાઓમાં ભારતનો ગ્રોથ રેટ ઊંચો અને મોંઘવારી ઓછી છે. આ આપણી અર્થવ્યવસ્થાની મજબૂતાઈને દર્શાવે છે. દેશ સ્વતંત્ર થયો ત્યારે આપણે દુનિયાની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા હતા, પણ આ લોકોએ (વિપક્ષ) દેશને ૧૧મા ક્રમે પહોંચાડી દીધો. આજે અમે ત્રીજા સ્થાને જવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

PM મોદીએ કહ્યું કે, વિજ્ઞાન, સ્પેસ, સ્પોર્ટ્સ સહિતના દરેક સેક્ટરમાં ભારતમાં એક અનોખો આત્મવિશ્વાસ છે. કોવિડ મહામારી બાદ જે સ્થિતિ પેદા થઈ તેના કારણે આજે દુનિયા ડામાડોળ છે. એવામાં વિશ્વ હવે નવા વર્લ્ડઓર્ડર તરફ આગળ વધી રહ્યું છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ એક નવું વર્લ્ડઓર્ડર બન્યું હતું, તે પછી હવે ફરી નવું વર્લ્ડઓર્ડર રચાઈ રહ્યું છે. સૌથી મોટી ખુશીની વાત છે કે તમામ ઘટનાઓમાં પલડું ભારત તરફ નમેલું છે. ભારત વિશ્વબંધુ રૂપે અનેક દેશોનો પાર્ટનર બન્યો છે. વિશ્વ કલ્યાણ માટે આપણે ઉચિત ભૂમિકા ભજવી રહ્યા છે અને સહાય પણ કરી રહ્યા છીએ. આજે આખું વિશ્વ ગ્લોબલ સાઉથની ચર્ચા કરે છે પણ ભારત જ તેનું સૂત્રધાર રહ્યું છે. પાછલા થોડા દિવસોમાં દુનિયાના ૯ દેશો સાથે ફ્રી ટ્રેડ ડીલ થઈ જેમાં મધર ઑફ ડીલ્સ થઈ. જેમાં ૨૭ દેશો સાથે એકસાથે ડીલ થઈ. વિપક્ષે દેશના હાલ એવા કરી નાંખ્યા હતા કે કોઈ પણ દેશ ભારત સાથે ડીલ કરવા આગળ નહોતો આવતો. હું ગુજરાતમાં મુખ્યમંત્રી હતો ત્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટ કરતો હતો. ત્યારે એક ગુજરાત રાજ્યમાં પાર્ટનર દેશ જાપાન હતો. મેં તે સમયે જે સામર્થ્ય બતાવ્યું તે આજે ભારતમાં જોવા મળી રહ્યું છે. કોંગ્રેસે આ દેશ એવો બરબાદ કરી નાંખ્યો હતો અમારી શક્તિ તેમની ભૂલો સુધારવામાં જઈ રહી છે. દુનિયાના દેશો સામે ભારતની છબી સુધારવી પડે છે. મારા પર વિશ્વાસ ન હોય તો લાલ કિલ્લાથી કોંગ્રેસના તમામ વડાપ્રધાનના ભાષણ વાંચી લો. તેમની પાસે કોઈ વિઝન હતું જ નહીં.

### હવે જોનપુરની ૩ દીકરીઓ ગુમ થતાં ખળભળાટ

# યુપીમાં ૧ લાખ તો દિલ્હીમાં ૮૦૦ લોકો ક્યાં ખોવાયા?

### સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારના કમરુદ્દીનપુર ગામની નિવાસી ત્રણ છોકરીઓ ગુમ થવાથી ખળભળાટ મચી ગયો છે

નવી દિલ્હી, તા.૫

એક તરફ જ્યાં દિલ્હીમાં વર્ષ ૨૦૨૬ની શરૂઆતના ૧૫ દિવસમાં જ સેંકડો લોકો ગુમ થઈ ગયા છે. તેઓ ક્યાં છે અને કેવી સ્થિતિમાં છે તેનો કોઈને કોઈ અંદાજો નથી. બીજી તરફ ઉત્તર પ્રદેશમાંથી પણ એક મિસિંગ રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં ૨ વર્ષની અંદર ૧ લાખથી વધુ લોકો ગુમ થઈ ગયા છે. હવે આ મામલે ખુદ હાઈકોર્ટે સંજ્ઞાન લીધું છે. આ વચ્ચે હવે જોનપુરથી ૩ દીકરીઓ ગુમ થવાના સમાચારથી ખળભળાટ મચી ગયો છે. વાસ્તવમાં બે સગી અને એક પિતરાઈ બહેન આધારકાર્ડની ફોટોકોપી કરાવવા માટે ઘરેથી નીકળી હતી, જે ઘરે પરત નથી ફરી અને ગુમ થઈ ગઈ છે. ત્રણેય બહેનો જ્યારે ઘરે પરત ન ફરી, ત્યારે તેમના પરિવારે તેમની શોધ શરૂ કરી. તેમની શોધ કરવા છતાં તેમની કોઈ માહિતી ન મળતા પરિવારમાં હોબાળો મચી ગયો. આ ઘટના સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કમરુદ્દીનપુર ગામમાં બની છે. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધ્યો છે અને ગુમ થયેલી ત્રણ છોકરીઓની શોધ કરી રહી છે.

સુરેરી પોલીસ સ્ટેશન વિસ્તારના કમરુદ્દીનપુર ગામની નિવાસી ત્રણ છોકરીઓ ગુમ થવાથી સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. બે સગી બહેનો અને એક પિતરાઈ બહેન આધાર કાર્ડની ફોટોકોપી બનાવવા માટે ઘરેથી નીકળી હતી પરંતુ મોડી તેઓ સાંજ સુધી ઘરે પરત ન ફરી. આ ઘટના બાદથી પરિવાર ખૂબ જ દુઃખી છે. પરિવારના જણાવ્યા પ્રમાણે ૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે કમરુદ્દીનપુરના નિવાસી કૃપા શંકર ચૌહાણની દીકરીઓ શિલ્પી ચૌહાણ (૧૯) અને શિવાંગી ચૌહાણ (૧૮) અને તેમની પિતરાઈ બહેન રિયા ચૌહાણ (૧૧) માર્કેટ જવાની વાત કહીને ઘરેથી નીકળી હતી. મોડી રાત સુધી ત્રણેય ઘરે પરત ન ફરી ત્યારે પરિવારે તેમની ખૂબ શોધખોળ કરી, પરંતુ કોઈ પત્તો ન લાગ્યો. ત્યારબાદ પરિવારે સુરેરી પોલીસ સ્ટેશનમાં ઘટનાની જાણ કરી. ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. ઘટનાની જાણ થતા જ સ્ટેશન હાઉસ ઓફિસર ઈન્સ્પેક્ટર રાજેશ મિશ્રાએ પોલીસ ટીમોને સક્રિય કરીને સંભવિત સ્થળો પર શોધખોળ હાથ ધરી છે. પોલીસનું કહેવું છે કે કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરેક પાસાની તપાસ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં ત્રણેય છોકરીઓને શોધી કાઢવાના પ્રયાસો ચાલુ છે.દેશની રાજધાની દિલ્હીમાં વર્ષની શરૂઆતના માત્ર ૧૫ દિવસની અંદર જ ગુમ થયેલા બાળકોની સંખ્યામાં વધારાએ પોલીસ વિભાગથી લઈને સામાન્ય જનતાને હચમચાવી મૂક્યું છે. આંકડા પ્રમાણે દિલ્હીમાં માત્ર ૧૫ દિવસમાં ૮૦૦થી વધુ લોકો ગુમ થયાના સમાચાર સામે આવ્યા છે. આ આંકડા બાદ સુરક્ષા વ્યવસ્થા પર પણ ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પોલીસના આંકડા પ્રમાણે આ ગુમ થયેલા વ્યક્તિઓમાં મોટાભાગની મહિલાઓ અને છોકરીઓ છે. તમને જણાવી દઈએ કે ૧ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરી દરમિયાન ગુમ થયેલા ૮૦૭ લોકોમાંથી ૫૦૯ મહિલાઓ અને છોકરીઓ હતી.

### ગુજરાતના પ્રખ્યાત બૌદ્ધ સ્થળ દેવનીમોરી ખાતેથી મળ્યા હતા

# ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો શ્રીલંકા પહોંચ્યા

### શ્રીલંકાના ૭૮મા સ્વતંત્રતા દિવસના પાવન અવસરે આ અવશેષોનું આગમન થતા વાતાવરણ ભક્તિમય બન્યું

કોલંબો, તા.૫

ભારત અને શ્રીલંકા વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધોમાં આજે એક નવું સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ગુજરાતના પ્રખ્યાત બૌદ્ધ સ્થળ દેવનીમોરી ખાતેથી મળી આવેલા ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોને શ્રીલંકા લાવવામાં આવ્યા છે. શ્રીલંકાના ૭૮મા સ્વતંત્રતા દિવસના પાવન અવસરે આ અવશેષોનું આગમન થતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.ભારતીય વાયુસેનાના વિશેષ વિમાન દ્વારા આ પવિત્ર અવશેષો કોલંબો પહોંચ્યા હતા. નિર્ધારિત પ્રોટોકોલ મુજબ, શ્રીલંકા સરકાર દ્વારા અવશેષોને પૂર્ણ રાજ્ય સન્માન સાથે આવકારવામાં આવ્યા હતા. આ યાત્રામાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી અને ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ પણ સામેલ રહ્યું હતું. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કોલંબોના પ્રખ્યાત ગંગારામાયા મંદિરમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ પવિત્ર અવશેષોના પ્રદર્શનનું વિધિવત ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગંગારામાયા મંદિરના મુખ્ય મઠાધિપતિ ડૉ. કિરીંડે અસાજી થેરો અને શ્રીલંકા કેબિનેટના વરિષ્ઠ મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનના ભાગરૂપે ગંગારામાયા મંદિર ખાતે "પિપ્રાહવાના પવિત્ર અવશેષોની શોધ" અને "પવિત્ર અવશેષો અને સમકાલીન ભારતની સાંસ્કૃતિક ભાગીદારી" નામના બે પ્રદર્શનોનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.નોંધનીય છે કે, દેવનીમોરી અવશેષોના ઈતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે જ્યારે તેમને જાહેર પૂજા માટે ભારતની બહાર લાવવામાં આવ્યા હોય. અગાઉ ભારતે ૨૦૧૨માં કપિલવસ્તુ અને ૨૦૧૮માં સારનાથના અવશેષો શ્રીલંકા મોકલ્યા હતા. પ્રદર્શનના ભાગરૂપે મંદિરમાં બે વિશેષ એક્ઝિબિશન પણ યોજાયા છે. પરંપરાગત બૌદ્ધ વિધિઓ અને મંત્રોચ્ચાર સાથે સ્થાપિત કરાયેલા આ અવશેષો આજે, ૫ ફેબ્રુઆરીથી સામાન્ય જનતા અને શ્રદ્ધાળુઓ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. શ્રીલંકા અને વિશ્વભરમાંથી આવતા બૌદ્ધ અનુયાયીઓ ભગવાન બુદ્ધના આ પવિત્ર અંશના દર્શન કરી ધન્યતા અનુભવી શકશે.આ આયોજન માત્ર ધાર્મિક જ નહીં પરંતુ રાજદ્વારી દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વનું છે. ભગવાન બુદ્ધના કરુણા અને અહિંસાના ઉપદેશો ભારત અને શ્રીલંકા વચ્ચેના નેબરહુડ ફર્સ્ટ સંબંધોને વધુ ગાઢ બનાવશે.

### કેન્દ્ર સરકારે ડોનાલ્ડ ટ્રમ્પને સંભળાવ્યું

# ભારત કોની પાસેથી ઓઇલ ખરીદશે તે કોઈ ત્રીજો દેશ નક્કી નહીં કરે

નવી દિલ્હી, તા.૫

રશિયા પાસેથી તેલ ખરીદવા બાબતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા દાવા પર ભારત સરકારે અત્યંત કડક અને સ્પષ્ટ શબ્દોમાં પ્રતિક્રિયા આપી છે. વિદેશ મંત્રાલયે સાફ કરી દીધું છે કે ભારત કોઈ પણ દેશના દબાણમાં આવ્યા વગર પોતાની ઊર્જા જરૂરિયાતો અને દેશહિતને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેશે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત હવે રશિયાના બદલે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદશે. જેના જવાબમાં ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયોની 'એનર્જી સિક્યોરિટી' સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ભારતે સ્પષ્ટ કર્યું કે અમે ક્યાંથી તેલ ખરીદવું તે બજારની સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય ગતિશીલતાના આધારે નક્કી કરીશું. અમેરિકન પ્રમુખના નિવેદન બાદ ઊભા થયેલા સવાલોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પશ્ચિમી દેશોને આયનો બતાવતા કહ્યું કે, "સરકારે અગાઉ પણ અનેકવાર જાહેર કર્યું છે કે ભારતની પ્રાથમિકતા તેના નાગરિકોની સુરક્ષા છે. અમે તેલના સ્ત્રોતોમાં વિવિધતા લાવવાની રણનીતિ પર કામ કરીએ છીએ, પરંતુ આ તમામ નિર્ણયો ભારતની જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને લેવામાં આવ્યા છે અને લેવામાં આવશે."ભારત સરકારે આડકતરી રીતે એવો સંદેશ આપ્યો છે કે રશિયા હોય કે વેનેઝુએલા, ભારત કોની સાથે વેપાર કરશે તે કોઈ ત્રીજો દેશ નક્કી કરી શકે નહીં. રણધીર જયસ્વાલે ઉમેર્યું કે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ બદલાતી રહે છે, પરંતુ અમારી વ્યૂહરચનાના મૂળમાં ભારતની ઊર્જા સુરક્ષા જ રહેશે. આ નિવેદન ટ્રમ્પ પ્રશાસન માટે એક સ્પષ્ટ સંકેત માનવામાં આવે છે કે ભારત પોતાની વિદેશ નીતિ અને વેપાર નીતિમાં કોઈ પણ પ્રકારની દખલગીરી સહન કરશે નહીં.

### નિયમમાં મોટો ફેરફાર

# UPSC New Rule: IAS, IPS, IFS ને પરીક્ષાની બીજી તક નહીં મળે

### આઈપીએસને લઈને નિયમ વધુ સ્પષ્ટ કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૫

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સેવા પરીક્ષા ૨૦૨૬નું નોટિફિકેશન જાહેર કરતા પાત્રતા નિયમો અને અટેમ્ટ સાથે જોડાયેલી જોગવાઈઓમાં મહત્વના ફેરફાર કર્યા છે. આ વખતે ખાસ કરીને પહેલાથી પસંદ થયેલા કે નિમણૂંક પામેલા ઉમેદવારો માટે સ્પષ્ટ અને કડક દિશાનિર્દેશ જારી કરવામાં આવે છે.

આઈએએસ, આઈપીએસ અને આઈએફએસ જેવી સેવાઓમાં પહેલાથી કાર્યરત ઉમેદવારોને બીજીવાર પરીક્ષા આપવા, સેવા બદલવા અને પરીક્ષા આપવાની જોગવાઈમાં નવી શરતો નક્કી કરવામાં આવી છે. પંચે તે પણ સ્પષ્ટ કર્યું કે ક્યા ઉમેદવાર આગળની પરીક્ષાના તબક્કામાં બેસી શકશે અને કોણ વંચિત રહી જશે.

આ પરીક્ષા દ્વારા IAS, IPS, IFS, IRS સહિત ઘણા ગ્રુપ A અને B સેવાઓની ભરતી થશે. કુલ ૯૩૩ જગ્યા ભરવામાં આવશે. ઈચ્છુક ઉમેદવાર સત્તાવાર વેબસાઈટના માધ્યમથી ૨૪ ફેબ્રુઆરી સુધી અરજી કરી શકશે.

નવા નિયમો અનુસાર જે ઉમેદવાર પહેલાની પરીક્ષાના આધાર પર આઈએએસ કે આઈએફએસમાં નિમણૂંક લઈ ચુક્યા છે અને સેવામાં કાર્યરત છે, તે CSE ૨૦૨૬મા સામેલ થઈ શકશે નહીં. જો કોઈ ઉમેદવારની નિમણૂંક પ્રિલિમ્સ પરીક્ષા બાદ પરંતુ મુખ્ય પરીક્ષા પહેલા થાય છે તો તે મેન્સ પરીક્ષા આપી શકશે નહીં. તો મેન્સ પરીક્ષા બાદ અને ફાઈનલ પરિણામ પહેલા નિમણૂંક થવા પર પણ તેને નવી પરીક્ષાના આધાર પર સેવા ફાળવણી મળશે નહીં.

આ વખતે આઈપીએસને લઈને નિયમ વધુ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. જે ઉમેદવારની પહેલાથી આઈપીએસમાં પસંદગી થઈ છે કે નિમણૂંક મળી છે, તેને CSE ૨૦૨૬ ના પરિણામના આધાર પર બીજીવાર આઈપીએસ આપવામાં આવશે નહીં. એટલે કે તે ફરી આઈપીએલ કેડર પસંદ કરવા માટે પાત્ર હશે નહીં.

જે ઉમેદવાર CSE ૨૦૨૬ દ્વારા આઈપીએસ કે અન્ય ગ્રુપ એ સેવા મેળવે છે અને તે ૨૦૨૭મા ફરી પરીક્ષા આપવા ઈચ્છે છે તો તેણે સંબંધિત વિભાગમાંથી એકવારની તાલીમની છૂટ લેવી પડશે. તે ફાઈન્ડેશન કોર્સ ટાળી શકે છે, પરંતુ મંજૂરી વગર તાલીમ છોડવા પર સેવા ફાળવણી રદ્દ કરવામાં આવશે.

CSE ૨૦૨૫ કે તે પહેલા પસંદ થયેલા ઉમેદવારોને એક વિશેષ તક આપવામાં આવી હતી. તે રાજીનામું આપ્યા વગર CSE ૨૦૨૬ કે ૨૦૨૭માંથી કોઈ એક પરીક્ષામાં બેસી શકે છે. પરંતુ ૨૦૨૮ કે ત્યારબાદ પરીક્ષા આપવા માટે સેવામાંથી રાજીનામું જરૂરી હશે. નવા નિયમોથી વારંવાર પ્રયાસ અને સેવા ફેરફારની પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત અને કડક બનાવવામાં આવી છે.

### શું બિહારમાં ફરી યોજાશે વિધાનસભા ચૂંટણી?

# પ્રશાંત કિશોરની પાર્ટી પહોંચી સુપ્રીમ કોર્ટ, ચૂંટણી રદ કરવાની માંગ

### પ્રશાંત કિશોરના પક્ષ જનસુરાજે તાજેતરની બિહાર વિધાનસભા ચૂંટણીઓને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે

નવી દિલ્હી, તા.૫

પ્રશાંત કિશોરના પક્ષ જનસુરાજે તાજેતરની બિહાર વિધાનસભા ચૂંટણીઓને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. તેમણે ગુરુવારે (૫ ફેબ્રુઆરી, ૨૦૨૬) એક અરજી દાખલ કરી હતી, જેમાં ખાસ કરીને બિહાર મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાને પડકારવામાં આવી હતી. તેમનો આરોપ છે કે સરકારે આદર્શ આચારસંહિતા દરમિયાન ૨૫-૩૫ લાખ મહિલાઓના ખાતામાં ?૧૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ આ યોજનામાં નવા લાભાર્થીઓ પણ સ્કીમમાં જોડ્યા હતા અને આ ગેરકાનૂની છે. તેમણે કોર્ટને અનુરોધ કર્યો કે તે ચૂંટણી પંચને તેઓ ચૂંટણી પંચને ચૂંટણીને પ્રભાવિત કરી શકે તેવી મફત ભેટો અને કલ્યાણકારી યોજનાઓ લાગુ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા નક્કી કરવા નિર્દેશ આપે. બિહાર ચૂંટણીમાં ગેરકાયદેસર પ્રથાઓનો આરોપ લગાવતા જનસુરાજે રિટ અરજી દાખલ કરી હતી. પક્ષે ખાસ કરીને બિહાર સરકારની મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાને પડકાર ફેંક્યો હતો, અને આરોપ લગાવ્યો હતો કે આદર્શ આચારસંહિતા અમલમાં હોવા છતાં યોજના હેઠળ રૂ.૧૦,૦૦૦ સીધા મહિલા ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. રાજ્ય વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૬ અને ૧૧ નવેમ્બરના રોજ થયું હતું અને પરિણામો ૧૪ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યા હતા.મુખ્ય ન્યાયાધીશ



સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચ શુક્રવારે અરજી પર સુનાવણી કરશે. જનસુરાજે કલમ ૩૨ હેઠળ અરજી દાખલ કરી હતી. અરજીમાં મહિલાઓના ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કરવા અને નવા લાભાર્થીઓને ઉમેરવાને આદર્શ આચારસંહિતા અમલમાં હોવા છતાં ગેરકાયદેસર જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. તેમનો આરોપ છે કે આ બંધારણની કલમ ૧૪, ૨૧, ૧૧૨, ૨૦૨ અને ૩૨૪નું ઉલ્લંઘન કરે છે.જનસુરાજની અરજીમાં ચૂંટણી પંચને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૩૨૪ અને કલમ ૧૨૩ હેઠળ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. અરજદાર જણાવે છે કે બિહાર ચૂંટણી દરમિયાન ૨૫-૩૫ લાખ મહિલા મતદારોને રૂ.૧૦,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અરજદારે એવો પણ આરોપ લગાવ્યો છે કે ચૂંટણીના બંને તબક્કામાં મતદાન મથકો પર સ્વ-સહાય જૂથ JEEVIKA ના ૧.૮ લાખ મહિલા લાભાર્થીઓને તૈનાત કરવા પણ ગેરકાયદેસર છે.સુપ્રીમ કોર્ટના અગાઉના આદેશનો ઉલ્લેખ કરીને અરજદારે સુપ્રીમ કોર્ટને બિહાર ચૂંટણીઓ ફરીથી શેડ્યૂલ કરવા અને ચૂંટણી પંચને મફત અને સીધા લાભ ટ્રાન્સફર યોજનાઓ માટે માર્ગદર્શિકા ઘડવાનો આદેશ આપવા અપીલ કરી છે.જનસુરાજે એવી પણ માંગ કરી છે કે ચૂંટણી પંચ શાસક પક્ષ માટે મફત અને કલ્યાણકારી યોજનાઓની જાહેરાત કરવા માટે ઓછામાં ઓછી છ મહિનાની સમયમર્યાદા નક્કી કરે, જેથી ખાતરી થાય કે આ યોજનાઓ ચૂંટણીના છ મહિના પહેલા જાહેર કરવામાં આવે. બિહારની મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શરૂ કરવામાં આવી હતી.

### બિહારનો અનોખો કિસ્સો

# એક ગામના તમામ બ્રાહ્મણો સામે FIR, ૧૨ની ધરપકડ

### અશર્ફી પાસવાન નામની વ્યક્તિએ અંદાજે ૭૦ બ્રાહ્મણ સામે નામજોગ અને ૧૫૦ અજાણ્યા લોકો સામે એફઆઈઆર નોંધાવી

પટણા, તા.૫

બિહારના દરભંગા જિલ્લાના એક ગામમાં અજીબોગરીબ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કુશેશ્વરસ્થાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા હરિનગર ગામમાં જમીન અને પૈસાની લેણદેણના વિવાદમાં એક વ્યક્તિએ ગામના આખા બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ મામલામાં અશર્ફી પાસવાન નામની વ્યક્તિએ અંદાજે ૭૦ બ્રાહ્મણ સામે નામજોગ અને ૧૫૦ અજાણ્યા લોકો સામે એફઆઈઆર નોંધાવી છે. એટલે કે એક જ ઝાટકે આખા ગામના બ્રાહ્મણો સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરી છે.આ ઘટનાની વિગતો મુજબ અશરફી પાસવાને પોલીસ ફરિયાદ કરી છે કે, આ મૂળ વિવાદ ૨૦૧૫માં શરૂ થયો હતો. મારા ભાઈ કૈલાશ પાસવાને એક મકાન બાંધકામના બાકી નીકળતા રૂ. ૨.૫ લાખ હેમંત ઝાને ચૂકવવાના થતા હતા. આ બાકી રકમની માંગણીને લઈને ૩૧ જાન્યુઆરીની રાત્રે અથડામણ થઈ હતી, જેમાં મહિલાઓ અને એક છોકરીને ગંભીર ઈજા થઈ હતી.આ ઘટના બાદ અશર્ફી પાસવાને ૭૦ બ્રાહ્મણ સામે નામજોગ અને ૧૫૦ અજાણ્યા લોકો વિરુદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ ગંભીર આક્ષેપો સાથે કેસ નોંધાવ્યો છે. તેમનો આક્ષેપ છે કે આખા ગામના લોકોએ એકઠા થઈને અમારા પર હુમલો કર્યો છે અને અમારું સતત શોષણ પણ કર્યું છે. આ મામલામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે, જે બ્રાહ્મણોના નામ એફઆઈઆરમાં છે, તેમાંથી અનેક લોકો ગામમાં છે જ નહીં. તેઓ દેશના અલગ-અલગ શહેરોમાં મજૂરી કે નોકરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. પોલીસ તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે, ૩૧ જાન્યુઆરીએ થયેલી મારામારીમાં ૧૦થી વધુને ઈજા થઈ હતી. આ ઘટનામાં પોલીસે ૧૨ લોકોની અટકાયત કરી પૂછપરછ કરી છે. હાલ ગામમાં ભારે તણાવની સ્થિતિ છે, જેને જોતા સુરક્ષા પણ વધારાઈ છે. નેશનલ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન બ્યુરોએ પણ સોશિયલ મીડિયા પર આ ઘટનાની વિગતો શેર કરી છે.

### રશિયાએ ટ્રમ્પને આપ્યો સ્પષ્ટ શબ્દોમાં જવાબ

# ભારત સ્વતંત્ર છે, તે કોઈપણ પાસેથી તેલ ખરીદી શકે છે

### અમેરિકાએ દાવો કર્યો હતો કે ભારતે રશિયા સાથે ફક્ત તેલ વેપાર બંધ કરવાની શરતે ટ્રેડ ડીલ કરી હતી

મોસ્કો, તા.૫

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર રશિયાનું મોટું નિવેદન સામે આવ્યું છે. રશિયાએ કહ્યું છે કે ભારત કોઈપણ દેશ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રેડ ડીલ દરમિયાન કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી તેલ ન ખરીદવા માટે સંમત થયું છે. બંને દેશો વચ્ચેના વેપાર કરાર હેઠળ, અમેરિકાએ ભારત પર ટેરિફ ઘટાડીને ૧૮% કર્યો છે.

આના જવાબમાં રશિયાએ કહ્યું કે રશિયા ભારતને ક્રૂડ ઓઈલનો એકમાત્ર સપ્લાયર નથી. ભારતનો તેના ક્રૂડ ઓઈલ આયાત વિકલ્પોનો વિસ્તાર કરવાનો નિર્ણય નવો નથી.

વૈશ્વિક ક્રૂડ ઓઈલ સપ્લાય મોનિટરિંગ એજન્સી કેપ્લર અનુસાર, ટ્રમ્પ દ્વારા ભારતીય માલ પર વધારાનો ૨૫% ટેરિફ લાદવામાં આવ્યો હોવા છતાં ભારત દરરોજ આશરે ૧.૫ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ આયાત કરી રહ્યું છે. નવી દિલ્હી રશિયન ક્રૂડ ઓઈલનો બીજો સૌથી મોટો ખરીદદાર છે, જે ભારતની કુલ આયાતના ત્રીજા ભાગથી વધુ હિસ્સો ધરાવે છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના કાર્યાલય ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે અમેરિકાના દાવા અંગે જણાવ્યું હતું કે, અમે અને અન્ય તમામ આંતરરાષ્ટ્રીય ઉર્જા નિષ્ણાતો સારી રીતે જાણીએ છીએ કે રશિયા ભારતને તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો એકમાત્ર સપ્લાયર નથી.

ભારતે હંમેશા આ ઉત્પાદનો અન્ય દેશો પાસેથી ખરીદ્યા છે. તેથી અમને આમાં કંઈ નવું દેખાતું નથી. અમેરિકાએ દાવો કર્યો છે કે ભારત રશિયા, અમેરિકા અને સંભવત વેનેઝુએલા પાસેથી ક્રૂડ તેલ ખરીદવા માટે સંમત થયું છે.

એક દિવસ પહેલા પેસ્કોવે કહ્યું હતું કે રશિયાને રશિયન તેલ ખરીદી સ્થગિત કરવા અંગે ભારત તરફથી કોઈ નિવેદન મળ્યું નથી. રશિયન વિદેશ મંત્રાલયે એ પણ ભાર મૂક્યો હતો કે હાઈડ્રોકાર્બન વેપાર નવી દિલ્હી અને મોસ્કો બંને માટે ફાયદાકારક છે.

## લોકસભા સ્પીકર ઓમ બિરલાનો મોટો દાવો

# PM મોદી સાથે કંઈ પણ થઈ શક્યું હોત, મેં જ લોકસભામાં આવતા અટકાવ્યા

### લોકસભાના સ્પીકરે દાવો કરતા કહ્યું કે, આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે કોંગ્રેસના સાંસદો પીએમ પર શારીરિક હુમલો કરી શકતા હોત

નવી દિલ્હી, તા.૫

લોકસભાના સ્પીકર ઓમ બિરલાનું કહેવું છે કે, તેમણે જ વડાપ્રધાનને સંસદમાં આવવાની મનાઈ કરી હતી. તેમણે મોટો દાવો કરતા કહ્યું કે, આવું એટલા માટે કરવામાં આવ્યું કારણ કે કોંગ્રેસના સાંસદો તેમના પર શારીરિક હુમલો કરી શકતા હોત. આ દરમિયાન હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત કરવામાં આવી છે. સ્પીકરે કહ્યું કે, જો કોઈ ઘટના બની હોત તો લોકશાહીની ગરિમા ખરડાઈ હોત. તેનાથી બચવા માટે મેં પીએમને વિનંતી કરી કે, તેઓ ગૃહમાં જ ન આવે.

આખરે તેમના ભાષણ વિના જ આભાર પ્રસ્તાવને મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ અંગે વાત કરતા ભાજપના સાંસદ અપરાજિતા સારંગીએ કહ્યું કે, તે વાત સાચી છે કે પીએમ મોદીની સુરક્ષા ખતરામાં હતી. તેથી અમે આભારી છીએ કે લોકસભા સ્પીકરે બુધવારે પીએમ મોદીને સંસદમાં આવતા અટકાવ્યા.

જ્યારે આ અંગે પ્રિયંકા ગાંધીને પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, આવી વાતો ખોટી છે. તેમણે કહ્યું કે, જો ત્રણ મહિલા સાંસદો પીએમ નરેન્દ્ર મોદીની નજીક ઉભી રહે છે, તો તેઓ ખતરો અનુભવે છે. આ કેવા પ્રકારની વાત છે? એટલું જ નહીં, તેમણે મીડિયા કર્મચારીઓને પણ પ્રશ્ન કર્યો કે, તેમણે અમિત શાહ કે મોદીને કેમ પૂછ્યું નહીં કે વિપક્ષના નેતાને શા માટે બોલવા દેવામાં આવ્યા નથી. રાહુલ ગાંધીને સંસદમાં બોલતા અટકાવવાનો આધાર શું હતો? તેઓ આ વિશે શું કઈ કહેશે? તેમણે કહ્યું કે, શું તમે સરકારને કોઈ પ્રશ્ન પૂછી શકો છો?

લોકસભા સ્પીકરએ સંસદના કાર્યવાહી શુક્રવાર સુધી સ્થગિત રાખવાની જાહેરાત કરી. આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું કેસ બુધવારે જે બન્યું તે ખૂબ જ અણધાર્યું હતું. તેમણે કહ્યું કે, લોકસભામાં વિપક્ષના કેટલાક સાંસદોનું જે વર્તન હતું, તે લોકસભાના ઈતિહાસમાં કાળા ડાઘ તરીકે નોંધાયું છે. તેમણે કહ્યું કે, જે પ્રકારનું વર્તન થયું તે અણધાર્યું હતું.

આવું વાતાવરણ ગૃહમાં ન થવું જોઈએ અને બધા લોકોએ કાર્યવાહી ચલાવવામાં સહયોગ આપવો જોઈએ.

તેમણે કહ્યું કે, કોંગ્રેસ દ્વારા પીએમ મોદી વિરુદ્ધ કંઈક ખોટું કરવાની યોજના બનાવવામાં આવી રહી હતી. તેથી જ અમે રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચા માટે તેમનું જવાબી ભાષણ મુલતવી રાખ્યું. તેમની સ્પીચ વગર જ આભાર પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો. નોંધનીય છે કે, ૨૦૦૪ પછી આ પહેલી વાર છે જ્યારે વડાપ્રધાન રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચાનો જવાબ આપી શક્યા ન હતા અને તેમના ભાષણ વિના આભાર પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો. રવિશંકર પ્રસાદે કહ્યું કે, આખરે આ લોકો શું ઈચ્છે છે? પીએમનો રસ્તો રોકવામાં આવે અને તેમને ઘેરી લેવામાં આવે. આ શું છે? લોકસભા આખરે શા માટે છે? દરેક લોકો દુઃખી છે, જે સ્તરે આ લોકો સંસદમાં પહોંચાડ્યા છે. સ્પીકરે આજે પોતાની વ્યથા વ્યક્ત કરી છે.

## દબાણો પર ફરશે બુલડોઝર

# આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચો.મી. જમીન પરત લેવા હાઈકોર્ટની લીલી ઝંડી

### ગુજરાત હાઈકોર્ટે આસારામના અમદાવાદમાં આવેલા આશ્રમની જમીન ગુજરાત સરકારને પરત સોંપવાનો આદેશ કર્યો છે

અમદાવાદ, તા.૫

લંપટ ગુરુ આસારામને વધુ એક ઝટકો મળ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આસારામના અમદાવાદમાં આવેલા આશ્રમની જમીન ગુજરાત સરકારને પરત સોંપવાનો આદેશ કર્યો છે. આ સાથે જ શહેરની ૪૫ હજાર ચોરસ મીટર જેટલી જમીન પર બનેલો આસારામનો શાહી મહેલ તૂટી જશે. ગુજરાતના અમદાવાદમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સની તૈયારીઓ સરકાર દ્વારા આરંભી દેવાઈ છે. આ માટે સરકારે સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવની જાહેરાત કરી હતી. જેમાં ઓલિમ્પિક વિલેજ અને અન્ય રમતગમતની સુવિધાઓ પણ બનાવવામાં આવશે. આ બધું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે લગભગ ૬૫૦ એકર જમીન પર બનાવવામાં આવશે. ત્યારે આ સ્થળ પર પહેલેથી જ બનાવાયેલ આસારામ આશ્રમની જમીન સંપાદનની પ્રક્રિયા ચાલી રહી હતી. ત્યારે હવે અમદાવાદમાં આવેલા આસારામ આશ્રમ પર ટૂંક સમયમાં બુલડોઝર ફરશે.કારણ કે, ગુજરાત હાઈકોર્ટે આસારામ આશ્રમની જમીન પરત કરવા રાજ્ય સરકારના નિર્ણયને સમર્થન આપ્યું છે. ગુજરાત હાઈકોર્ટના જજ વૈભવી ડી. નાણાવટીએ ૫ ફેબ્રુઆરીએ આપેલો આ ચુકાદો મહિના લાંબી વિસ્તૃત દલીલો બાદ કરવામાં આવ્યો છે. જેથી હવે આસારામ આશ્રમની જમીનની માલિકી કાયદેસર રીતે સરકારને પરત મળશે. આ સાથે જ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે ૫૦૦ કરોડની જમીન પર આસારામ આશ્રમ બનેલો છે. જે તૂટવાથી ૪૫૦૦૦ ચોરસ મીટરથી વધુ જમીન છુટી થશે. આ જમીન ગુજરાત સરકારને પરત મળશે, જે અગાઉ ગુજરાત સરકાર દ્વારા આસારામ આશ્રમને આપવામાં આવી હતી. સાબરમતી વિસ્તારમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમની બાજુમાં આવેલો આ આશ્રમ રાજ્ય સરકારની માલિકીની જમીન પર બનેલો છે. ત્યારે થોડા સમય અગાઉ કોર્પોરેશને આસારામ આશ્રમને નોટિસ ફટકારી છે. ૫૦૦ કરોડ રૂપિયાની અંદાજિત કિંમતની જમીન પર ૩૨ જેટલા ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવા માટે છસ્ઝ્ર દ્વારા નોટિસ આપવામાં આવી હતી. ૨૧ જાન્યુઆરીના રોજ છસ્ઝ્ર દ્વારા ઈમ્પેક્ટ ફીની અરજીને નામંજૂર કરવામાં આવ્યા બાદ, કેસને એપ્લેટ ઓથોરિટી સમક્ષ ઝડપી નિકાલ લાવવા સૂચના આપવામાં આવી હતી. છસ્ઝ્રની લીગલ કમિટીએ ઝડપથી નિકાલ લાવવા માટે વકીલની નિમણૂંક કરી હતી.

## તમિલનાડુના મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

# ઉત્તર ભારતીયો અહીં ટેબલ સાફ કરવા આવે છે

### તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમનું ઉત્તર ભારતીયો અને હિન્દી ભાષાને લઈને વિવાદાસ્પદ નિવેદન

ચેન્નાઈ, તા.૫

તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમે ઉત્તર ભારતીયો અને હિન્દી ભાષાને લઈને અત્યંત વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે, જેના કારણે દેશભરમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. ચેંગલપટ્ટુ જિલ્લામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે દાવો કર્યો હતો કે ઉત્તર ભારતના લોકો તમિલનાડુમાં આવીને ટેબલ સાફ કરવાનું કે મજૂરી કરવાનું કામ કરે છે. તમિલનાડુના કૃષિ મંત્રી એમઆરકે પન્નીરસેલ્વમે એક પાર્ટી કાર્યક્રમમાં ઉત્તર ભારતીયોની મજાક ઉડાવતા કહ્યું હતું કે, "ઉત્તર ભારતના લોકો અહીં ટેબલ સાફ કરવા આવે છે... તેઓ કન્સ્ટ્રક્શન મજૂર બનીને કે પાણીપુરી વેચીને કામ કરે છે, કારણ કે તેમણે માત્ર હિન્દી શીખી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે હિન્દી ભાષીઓને સારી નોકરીઓ મળતી નથી અને તેઓ મજબૂરીમાં તમિલનાડુ આવીને નાના કામો કરે છે. મંત્રીએ તમિલનાડુ સરકારની બે-ભાષાની નીતિના ફાયદા ગણાવતાં કહ્યું હતું કે, "અમારા બાળકો અંગ્રેજી સારી રીતે શીખે છે અને વિદેશ જાય છે. તેઓ અમેરિકા અને લંડનમાં કરોડો રૂપિયા કમાઈ રહ્યા છે." આ નિવેદન દ્વારા તેમણે એવો સંકેત આપવાનો પ્રયાસ કર્યો કે હિન્દી શીખવાથી આર્થિક પ્રગતિ થતી નથી, જેણે હવે નવી ચર્ચા જગાવી છે. આ નિવેદન બાદ ભાજપના નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી છે. તમિલનાડુ ભાજપના પ્રમુખ નૈનાર નાગેન્દ્રને 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે કોઈ પણ કામ નાનું નથી હોતું અને કોઈ પણ નાગરિક હીન નથી. ભાજપે આરોપ લગાવ્યો કે DMK નેતા વારંવાર પ્રવાસી મજૂરો અને હિન્દી ભાષીઓને નિશાન બનાવીને સમાજમાં ભાગલા પાડવાનું કામ કરી રહ્યા છે. ખાસ કરીને જ્યારે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક છે, ત્યારે આ નિવેદન રાજકીય રીતે ઘણું મહત્ત્વનું મનાય છે.

## બજેટમાં કરાયેલા દરખાસ્ત વિરોધને કારણે પાછી ખેંચાઈ

# અમદાવાદમાં હવે નહિ બને નવું કતલખાનું!

### એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે જોગવાઈનો વિરોધ કર્યો હતો, આ વિરોધને પગલે જોગવાઈને પરત લેવામાં આવી

અમદાવાદ, તા.૫

અમદાવાદમાં આખરે કતલખાનાની દરખાસ્ત પરત ખેંચી લેવાઈ છે. ભાજપના જૈન ધારાસભ્ય અને પૂર્વ મેયરે આ અંગે વિરોધ દર્શાવ્યો હતો. ૩૨ કરોડના ખર્ચે જૂનું કતલખાનું બંધ કરી નવું બનાવવાની યોજના હતી. પરંતુ વિરોધને પગલે હવે અમદાવાદમાં કતલખાનાની દરખાસ્ત પરત લેવાનો નિર્ણય લેવાયો છે. અમદાવાદ મહાનગરપાલિકાના ડ્રાફ્ટ બજેટમાં હયાત કતલખાનાને અપગ્રેડ કરવાની દરખાસ્તનો મૂકવામાં આવી છે. અમદાવાદના મ્યુન્સિપલ કમિશનર બંછાનિધી પાનીએ ડ્રાફ્ટ બજેટમાં મૂકેલી દરખાસ્ત પરત ખેંચી છે. એલિસબ્રિજ ભાજપ ધારાસભ્ય અમિત શાહના વિરોધ બાદ આ વિવાદ ઉઠ્યો હતો. ત્યારે ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં મ્યુનિસિપલ કમિશનરે દરખાસ્ત પરત ખેંચી હોવાનું સ્વીકાર્યું છે. ગઈકાલે રજૂ કરાયેલા ડ્રાફ્ટ બજેટમાં કતલખાનાના આધુનિકીકરણ માટે રૂ ૩૨ કરોડની જોગવાઈ કરાઈ હતી. એએમસીના નવા બજેટમાં જમાલપુર ખાતે આવેલ કતલખાનું ખસેડવાની જોગવાઈ કરવામાં આવી હતી. ભાજપના ધારાસભ્ય અમિત શાહના વિરોધ બાદ ટ્ઠદ્બષ્ઠ કમિશ્નરે આ નિર્ણય લીધો છે. કમિશનરે પોતે કરેલી જોગવાઈ હાલ પૂરતી રદ કરી દેવાઈ છે. જોગવાઈ રદ કરતા કતલખાનું ખસેડવાની પ્રક્રિયા હવે નહીં થાય. અમદાવાદના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા જગન્નાથ મંદિર અને ગીતામંદિર વચ્ચે આવેલ કતલખાનું ધાર્મિક સ્થળ પાસે હોવાથી અને સ્વચ્છતા ન જળવાતા અને આગામી દિવસોને ધ્યાને રાખીને ખસેડવાની માંગ કરી હતી.

આ સાથે જ મધ્ય ઝોનમાં કોઈપણ પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલ ન હોવાથી હાલની જગ્યા ઉપર કતલખાનું ખસેડી ત્યાં પાર્ટી પ્લોટ બનાવવા માંગ કરાઈ હતી. જોકે ભાજપના ધારાસભ્યના વિરોધ બાદ ટ્ઠદ્બષ્ઠએ પોતાનો નિર્ણય ફેરવી હાલ જે જગ્યા પર કતલખાનું છે ત્યાં જ યથાવત રાખવા નિર્ણય કર્યો છે. અમિત શાહના વિરોધ સામે કોંગ્રેસ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પ્રતિક્રીયા આપતા કહ્યું કે, અમિત શાહની રજુઆત તેમની વ્યક્તિગત હોઈ શકે છે. અમે જગન્નાથ મંદિર અને ગીતા મંદિર જેવા ધાર્મિક સ્થળ જોઈ તેની વચ્ચે આવેલ કતલખાના ખસેડવા માંગ કરી હતી. અમે બીજા કતલખાના બનાવવા કોઈ માંગ નથી કરી. હાલ સ્લોટર હાઉસ છે તે બંધ કરી ખસેડી આધુનિક બનાવી હાલના સ્થળે પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલ બનાવવા માંગ હતી. મધ્યઝોનમાં ક્યાંય પાર્ટી પ્લોટ કે કોમ્યુનીટી હોલ નથી માટે તે બનાવવા માંગ કરી હતી. આ જ રીતે ભદ્ર મંદિર પાસે આવેલ મચ્છી માર્કેટ નવું બને અથવા અન્ય સ્થળે આધુનિક બને તેવી માંગ કરી છે. કોમનવેલ્થ ગેમ પહેલા સ્વચ્છતા અને આગામી સુવિધાને ધ્યાને રાખી ડેવલપમેન્ટ થાય તે જરૂરી છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કોંગ્રેસ પર પ્રહાર

# ચોરી કરવી એમનો ખાનદાની ધંધો, મહાત્મા ગાંધીની સરનેમ ચોરી લીધી

### હતાશા તો કદાચ સમજી શકાય છે, પણ શું આ દેશના પવિત્ર લોકતંત્રના મંદિરને તમાશો બનાવી દેવો તે ઠીક નથી : મોદી

નવી દિલ્હી, તા.૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે, આજે દુનિયા પડકારો સામે ઝઝૂમી રહી છે. નવા વર્લ્ડ ઓર્ડર બની રહ્યા છે અને નવા વર્લ્ડમાં દુનિયાનો ઝુકાવ ભારત તરફ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધી પરિવાર પર અત્યાર સુધીનો સૌથી મોટો પ્રહાર કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ચોરી કરવી તેમનો ખાનદાની ધંધો છે. પીએમે કહ્યું કે, સત્તા મેળવવા માટે તેમણે મહાત્મા ગાંધીની સરનેમ પણ ચોરી લીધી, જેથી તેઓ પોતાની ખામીઓ છુપાવી શકે અને દેશની જનતાને ગુમરાહ કરી શકે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના નેતા રવનીત સિંહ બિટ્ટુને ગદ્દાર કહેવા પર રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કાલે એક શાંત મગજવાળા યુવરાજે એક સાંસદને ગદ્દાર કહી દીધા. તેમનો અહંકાર તો જુઓ, યુવરાજે શીખ સાંસદને ગદ્દાર કહ્યા. એટલા માટે ગદ્દાર કહ્યા કેમ કે તે શીખ છે અને તેમને કોઈ પસ્તાવો પણ નથી.રાજ્યસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, હતાશા તો કદાચ સમજી શકાય છે, પણ શું આ દેશના પવિત્ર લોકતંત્રના મંદિરને આવો તમાશો બનાવી દેવો તે ઠીક નથી. તે સમયે, આસામના અમારા એક સન્માનિત સભ્ય સદનની અધ્યક્ષતા કરી રહ્યા હતા અને ટેબલ પર કાગળ ફેંકવામાં આવ્યા. શું આ પૂર્વોત્તરનું અપમાન નથી, કાલે તેમણે ફરી એવું જ કર્યું. તે સમયે આંધ્ર પ્રદેશના એક દલિત પરિવારનો દીકરો સદનની અધ્યક્ષતા કરી રહ્યા હતા અને તેમનું પણ અપમાન કર્યું. આવી જ રીતનો વ્યવહાર કરીને તમે પૂર્વોત્તરનું અપમાન કર્યું છે અને આંધ્ર પ્રદેશના એક દલિત પરિવારના દીકરાનું અપમાન કર્યું છે. તેમણે આગળ કહ્યું કે, મને ખૂબ જ દુઃખ થયું જ્યારે આ દેશના સૌથી સન્માનિત હસ્તીઓમાંથી એક, ભારત રત્ન ભૂપેન હજારિકાજી, જેમને આજે પણ ઘરોમાં યાદ કરવામાં આવે છે, તેમના વિશે આવી વાતો કરી, લોકો તેમના પ્રત્યે જે શ્રદ્ધા ધરાવે છે, તેની કલ્પના પણ ન કરી શકાય. તેમ છતાં વિપક્ષે તેમનું કોઈ માન ન રાખ્યું. પ્રધાનમંત્રીએ વિપક્ષ પર ટાર્ગેટ સાધતા કહ્યું કે, કાલે હું જોઈ રહ્યો હતો, જે ખુદને રાજા માને છે, તે આર્થિક અસમાનતાની વાતો કરી રહ્યા હતા. ઘુસણખોરોની વકાલત કરનારાઓને યુવાનો કેવી રીતે માફ કરશે. ઘુસણખોર તેમની આઝાદી છીનવી રહ્યા છે. તેમની રોજી રોટીનો હક છીનવી રહ્યા છે. આવા લોકો માટે આ લોકો કવચ બનેલા છે.

## ગઠિયાઓએ ૧.૧૫ કરોડ ખંખેર્યા હતા

# દેલવાડીયા દંપતી ડિજિટલ અરેસ્ટ કેસમાં વધુ એકની ધરપકડ થઈ

### રાજકોટમાં ડિજિટલ અરેસ્ટ કૌભાંડમાં મધ્યપ્રદેશના ૨૨ વર્ષીય વિદ્યાર્થી દેવાંશ જોષીની ધરપકડ થઈ છે

રાજકોટ, તા.૫

રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસે ડિજિટલ અરેસ્ટ અને ઓનલાઈન છેતરપિંડીના કેસમાં મધ્યપ્રદેશના દેવાસ જિલ્લાના રહેવાસી ૨૨ વર્ષીય દેવાંશ ઉર્ફે કાનો જોષીની ધરપકડ કરવામાં આવી છે. દેવાંશ બી.સી.એ. ત્રીજા વર્ષનો વિદ્યાર્થી હોવાનું સામે આવ્યું છે. અગાઉ આ કેસમાં પોલીસ દ્વારા ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે.વિગતે વાત કરીએ તો, અગાઉ રાજકોટ સેશન્સ કોર્ટમાં આસિસ્ટન્ટ ક્લાર્ક તરીકે ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત આસિસ્ટન્ટ ક્લાર્ક દિનેશ દેલવાડીયા (ઉંમર ૬૯)એ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગત ૨૪ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કેટલાક અજાણ્યા શખ્સોએ વોટ્સએપના માધ્યમથી તેમનો સંપર્ક કર્યો હતો અને પોતે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી મની લોન્ડરિંગ અને ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૪૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા.ફરિયાદ મુજબ, આરોપીઓએ દિનેશ દેલવાડીયા સહિત તેમની પત્નીને પણ ૪૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા અને તા. ૧૦ જુલાઈથી ૩૧ જુલાઈ ૨૦૨૫ વચ્ચે અલગ અલગ બેંક ખાતાઓમાં કુલ ૮૮ લાખ રૂપિયાથી વધુની રકમ બળજબરીપૂર્વક ટ્રાન્સફર કરાવી હતી. ઉપરાંત ગોલ્ડ લોનમાંથી મળેલા આશરે ૨૭ લાખ રૂપિયા પણ આરોપીઓને ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

આ સાઈબર ક્રાઈમની ફરિયાદ મળતા જ રાજકોટ શહેર સાઈબર ક્રાઈમ પોલીસે બીએનએસની કલમ ૩૦૮ (૬) ખંડણી **(Extortion)**, ૩૫૧(૨) (ગુનાહિત ધાકધમકી), ૩૧૯(૨) (છેતરપિંડી), ૨૦૪ (સરકારી અધિકારીનો ઢોંગ કરવો), ૩૧૮(૪) તેમજ આઈટી એક્ટની કલમ ૬૬ ડી મુજબ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી અને જુદા જુદા બેંક એકાઉન્ટ તપાસ શરૂ કરી હતી.આ કેસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, આ ગુનામાં દસ જેટલા અલગ અલગ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાંથી એક એકાઉન્ટ દેવાંશ ઉર્ફે કાનો જોષીનું હોવાનું બહાર આવ્યું હતું. દેલવાડીયાના ખાતામાંથી આઠ લાખ રૂપિયા સીધા દેવાંશના ખાતામાં જમા થયા હતા. જેથી પોલીસે તેમની તાત્કાલિક ધરપકડ કરી હતી અને બાદમાં તેની પૂછપરછમાં તેના એકાઉન્ટમાં જમા થયેલ ફરિયાદી દિનેશ દેલવાડીયાના ૮ લાખ રૂપિયા જેટલી રકમ બદલ તેને આશરે દોઢ લાખ રૂપિયાનું કમિશન મળ્યું હતું.

આ મામલે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એસીપી ચિંતન પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, દેવાંશે પોતાનું બેંક એકાઉન્ટ ખોલીને તેની કીટ પોતાના સંબંધી કેતન જોષીને આપી હતી. જેથી હાલ કેતન જોષીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ તપાસ દરમિયાન દેવાંશના બેંક એકાઉન્ટ સામે દ્ગઝ્રઇઁ પોર્ટલ પર અગાઉથી જ ૨૧ ફરિયાદ નોંધાઈ ચૂકી હોવાની વિગતો સામે આવી છે.વધુમાં એસીપી ચિંતન પટેલે કહ્યું કે, પ્રાથમિક પૂછપરછમાં દેવાંશે જણાવ્યું છે કે તે અભ્યાસ સાથે ખાનગી નોકરી કરતો હતો, પરંતુ નોકરી છૂટી જતા આર્થિક મુશ્કેલી ઊભી થઈ હતી. ત્યારબાદ સંબંધીએ બેંક એકાઉન્ટ ભાડે આપવાથી કમિશન મળવાની લાલચ આપતા તેણે પોતાનું એકાઉન્ટ ઉપયોગ માટે આપ્યું હતું. ત્યારે હવે દેવાંશને ગુરુવારે કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. ઉપરાંત આ કેસમાં અગાઉ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, જેથી આગામી તપાસમાં આ કેસમાં વધુ ધરપકડ થવાની શક્યતા છે.

# મિશન ગુજરાતના નવા સારથી બન્યા હર્ષ સંઘવી

અમદાવાદ,તા.૫

ઓલિમ્પિક, કોમનવેલ્થ, દાવોસ બાદ હવે શ્રીલંકા.... ગુજરાતના નાયબ મુખ્યમંત્રીનું રાષ્ટ્રીય સ્તરે કદ વધી રહ્યું છે. આજે હર્ષ સંઘવી ઐતિહાસિક ધરોહરના નામે ગુજરાતના દેવનીમોરીથી શ્રીલંકાને સાધવાની ભારતની રાજકીય ડિપ્લોમસીનું પ્રતિનિધત્વ તો કરી રહ્યાં છે પણ ભારતનો ચીનને આપવાનો સંદેશનો ભાગ બની રહ્યાં છે. આ સાથે જ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતના રાજકારણમાં લાંબી છલાંગ લગાવી છે. આવી તક ભાગ્યે જ કોઈ નેતાને સાંપડી છે. ગુજરાતના રાજકારણમાં એક સમયે જેમનું મંત્રાલય છીનવાઈ જશે એવી ગાંધીનગરના ગલિયારામાં વાતો થતી હતી, આજે એ જ ચહેરો દેશના ગ્લોબલ પોસ્ટર બોય' બનીને ઉભર્યો છે. અમે અહીં વાત કરી રહ્યાં છીએ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની. જે રીતે પીએમ મોદીએ તેમના પર ભરોસો મૂક્યો છે, તે જોતાં એ સ્પષ્ટ છે કે હર્ષ સંઘવી હવે માત્ર ગુજરાતના ગૃહમંત્રી કે નાયબ મુખ્યમંત્રી સુધી સીમિત નથી, પણ ભારતની આંતરરાષ્ટ્રીય ડિપ્લોમસીનો એક મહત્વનો હિસ્સો બની રહ્યાં છે.

## સાણંદના નિર્માણા ગ્રીન્સમાં પોલીસનો મધરાતે સપાટો

# હાઈપ્રોફાઈલ દારૂ અને હુક્કાની મહેફિલ પર રેડ, ૮૧ની અટકાયત

### નિર્વાના ગ્રીન્સ વિકેન્ડ હોમમાં ચક્રી દારૂની મહેફિલ પર રેડ કરીને પોલીસે યુવક-યુવતીઓની અટકાયત કરી છે

અમદાવાદ, તા.૫

અમદાવાદ નજીક આવેલા સાણંદ નજીક નિર્માણા ગ્રીનમાં એક બંગલોમાં હાઈપ્રોફાઈલ દારૂની મહેફિલ પર રેડ કરી છે. સાણંદના ગોરજ ગામની સીમમાં ગત રાત્રે પોલીસે એક મોટી કાર્યવાહી હાથ ધરી હતી. નિર્માણા ગ્રીન્સ નામના પ્રાઈવેટ વિકેન્ડ હોમમાં ચાલી રહેલી એક હાઈપ્રોફાઈલ પાર્ટી પર પોલીસે દરોડો પાડીને દારૂ અને હુક્કાની મહેફિલ માણતા ૮૧ જેટલા નબીરાઓને ઝડપી પાડ્યા છે.આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, આ સ્થળ પર છફની ૨૫મી એનિવર્સરીની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના માલેતુજાર પરિવારના યુવક-યુવતીઓ અને અનેક મોટી હસ્તીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. પાર્ટીમાં આલીશાન ફૂડ કાઉન્ટરની સાથે ખાસ ૧૧ જેટલા ટેબલ ગોઠવવામાં આવ્યા હતા, જ્યાં કેક, વિદેશી દારૂ અને હુક્કાની વ્યવસ્થા કરવામાં આવી હતી.આ ઘટનામાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. જેમાં પોલીસે રેડ કરીને કુલ ૮૧ લોકોની અટકાયત કરી છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. ઘટનાસ્થળેથી ૧૦થી વધુ હુક્કા, દારૂની બોટલો અને અન્ય નશીલા પદાર્થો મળી આવ્યા છે. પોલીસે ઘટના સ્થળેથી આશરે ૨૦ જેટલી લક્ઝરી ગાડીઓ પણ જપ્ત કરી છે. પોલીસે અટકાયત કરાયેલા તમામ લોકોને મોડી રાત્રે જ સાણંદની સરકારી હોસ્પિટલ ખાતે મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા.પોલીસની આ કડક કાર્યવાહીના સમાચાર વાયુવેગે પ્રસરતા જ પકડાયેલા નબીરાઓને છોડાવવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર અનેક મોટા વગદાર લોકોના ફોન રણકવા માંડ્યા હતા. જોકે, પોલીસે કોઈ પણ દબાવમાં આવ્યા વગર કાયદેસરની કાર્યવાહી ચાલુ રાખી હતી.નોંધનીય છે કે, સાણંદ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે જ્યારે ટીમે નિર્માણા ગ્રીન્સમાં દરોડો પાડ્યો, ત્યારે મહેફિલમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસને જોઈને અનેક યુવક-યુવતીઓ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે ઘેરાબંધી કરીને તમામની અટકાયત કરી લીધી હતી. હાલમાં પોલીસ આ મામલે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી રહી છે. આ રેડને કારણે અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં દારૂની મહેફિલ માણતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વરઘોડામાં નાચવા બાબતે થયેલી બબાલમાં યુવકની હત્યા કરાઇ

મહેસાણા,તા.૫

મહેસાણાના ભોયરાવાસ વિસ્તારમાં લગ્ન પ્રસંગના વરઘોડા દરમિયાન થયેલી એક નજીવી માથાકૂટે ગંભીર સ્વરૂપ ધારણ કરતા એક યુવકનું મોત નીપજ્યું છે. વરઘોડામાં ગીતોના તાલે નાચવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં હિંસા ભભૂકી ઉઠી હતી. આ વિવાદમાં ઉશ્કેરાયેલા ૬થી વધુ લોકોના ટોળાએ યુવકને નિશાન બનાવી તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. લગ્નના મંગળ ગીતો વચ્ચે અચાનક થયેલા આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી અને ખુશીનો માહોલ પળવારમાં ભય અને ચિંતામાં ફેરવાઈ ગયો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં યુવકની સ્થિતિ અત્યંત નાજુક હોવાથી સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો. યુવકના મોત સમાચાર વાયુવેગે પ્રસરતા પરિવારજનો પર આભ ફાટ્યું છે અને ભોયરાવાસમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ છે. હાલમાં સ્થાનિક પોલીસે હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે અને પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

## ગૌરક્ષકો દ્વારા તેનો પીછો કરવામાં આવી રહ્યો હતો

# અમદાવાદમાં BRTS ટ્રેક પર ગૌવંશની તસ્કરી કરતી કારનો ભયંકર અકસ્માત


### લાઈટના થાંભલા સાથે જોરદાર અથડામણ કરી અને ડિવાઈડરને પણ ભારે નુકસાન પહોંચાડ્યું

અમદાવાદ,તા.૫

અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલા ચંદ્રનગર BRTS કોરિડોરમાં મોડી રાત્રે એક ભયંકર અકસ્માત સર્જાયો હતો. વાછરડા (ગૌવંશ) ભરેલી એક કારે બેફામ ઝડપે BRTS ટ્રેક પર દોડતા બસ સ્ટેન્ડનો દરવાજો તોડી નાખ્યો, લાઈટના થાંભલા સાથે જોરદાર અથડામણ કરી અને ડિવાઈડરને પણ ભારે નુકસાન પહોંચાડ્યું. આ અકસ્માત માં કારના એરબેગ ખુલી ગયા હતા અને કારની સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી.પ્રાથમિક માહિતી અનુસાર, આ કારમાં ખૂબ જ ખરાબ હાલતમાં ચાર વાછરડાં ખીચોખીચ ભરેલાં હતાં.ગાડીમાંથી ઉતરીને કારમાં સવાર ત્રણ વ્યક્તિઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગઈ હતી, જ્યારે એક વ્યક્તિને સ્થાનિક લોકોએ તાત્કાલિક પકડી પાડ્યો હતો. અકસ્માતનો અવાજ સાંભળતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમણે જોયું કે કારમાં ગૌવંશ ભરેલા છે.માહિતી અનુસાર, આ કાર ગૌવંશની તસ્કરી કરી રહી હતી. ગૌરક્ષકો દ્વારા તેનો પીછો કરવામાં આવી રહ્યો હતો. પીછો ટાળવા માટે કારચાલકે અતિ ઝડપે ગાડી ચલાવી હતી અને BRTS ટ્રેક પર ચઢી ગયો હતો, જ્યાં આ અકસ્માત થયો. BRTS કોરિડોરમાં ખાનગી વાહનોને પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં આવી બેફામ ડ્રાઈવિંગથી જાહેર સંપત્તિને ભારે નુકસાન થયું છે. અકસ્માતની જાણ થતાં જ વાસણા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કારનું નિરીક્ષણ કર્યું અને એક આરોપીને અટકાયતમાં લીધો છે. બાકીના ત્રણ ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે.

# અમરેલીનાં સ્લમ વિસ્તારનાં બાળકો માટે શરૂ થયેલી હરતી ફરતી શાળા એ અનોખી પહેલ કરી






અમરેલીના સ્લમ વિસ્તારના બાળકોમાં પણ શિક્ષણના દીપકને પ્રગટાવવાના હેતુને ખરા અર્થમાં સાર્થક કરવા માટે થઈ અમરેલીના સ્લમ વિસ્તારના બાળકો માટે શરૂ થયેલી હરતી ફરતી શાળાએ અનોખી પહેલ કરી છે. અમરેલી શહેરમાં છેલ્લા ૫ વર્ષથી ગરીબ અને સ્લમ વિસ્તારના બાળકો જે અભ્યાસથી વંચિત ન રહે તેવો સરાહનીય પ્રયાસ કરીને 'શિક્ષણ એ બાળકનો અધિકાર છે' તેવી સફળતાની ઉડાન સાથે પી.જી.વી.સી.એલ. અને સી.એસ. આર. અંતર્ગત એક સ્કૂલ બસને શાળા હોય તેમ તૈયાર કરી. આ સ્કૂલ બસમાં જ વિધાર્થીઓને બેસવાની, બ્લેકબોર્ડ, પુસ્તકો સાથેની શૈક્ષણિક સાધનો રાખીને હરતી ફરતી શાળા ગરીબ બાળકો માટે આશાનું કિરણ બનેલી છે. અમરેલી શહેરમાં છેલ્લા ૫ વર્ષથી ગરીબ અને સ્લમ વિસ્તારના બાળકો જે શિક્ષણથી વંચિત ના રહે અને બાળકોને શિક્ષણ પ્રત્યેની મુખ્યધારા સાથે જોડી શકાય, તેવા હેતુસર આ બસમાં ચાલતી હરતી ફરતી શાળા શરૂ કરવામાં આવી હતી. જે આજે હરતી ફરતી શાળા તરીકે ઓળખાઈ છે. આજે બાળકો ગરીબી, સ્થળાંતર અથવા અન્ય સામાજિક કારણોસર નિયમિત શાળાએ જઈ શકતા નથી. તેને શિક્ષણ સાથે જોડવાનો પ્રયાસ શરૂ કરીને સ્લમ વિસ્તારના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હરતી ફરતી શાળામાં નિયમિત અભ્યાસ કરવા પહોંચે છે. ગુજરાતી, અંગ્રેજી, ગણિત સાથે સામાન્ય જ્ઞાન જેવા વિષયોના માર્ગદર્શન મળે તથા સ્લમ વિસ્તારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેવા ધ્યેયને સાર્થક કરતી આ હરતી ફરતી શાળા પી.જી.વી.સી.એલ. ધ્વારા સી.એસ. આર. અંતર્ગત લેલેન્ડ બસની અંદર જ સંપૂર્ણ રીતે શાળા અંદર તૈયાર કરવામાં આવી છે. આ બસની અંદર વિધાર્થીઓને બેસવાની વ્યવસ્થા, બ્લેક બોર્ડ, પુસ્તકો રાખવાની જગ્યા અને અન્ય શૈક્ષણિક સાધનોનો ઉપયોગ હરતી ફરતી શાળા તરીકે ઉપયોગમાં લેવાઈ છે. અને અમરેલી શહેરના ગાયત્રી મંદિર વિસ્તારમાં બસને લાવીને ભણાવવામાં આવે છે. અને વિધાર્થી બાળકો પણ હોંશે હોંશે ભણવા પહોંચી જાય છે. શહેરમાં સ્લમ વિસ્તારની સ્થિતિ અને પરિસ્થિતિ અંગે જાણકારી મેળવીને આ વિસ્તારના ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેવા હેતુ સાથે આ હરતી ફરતી શાળા શરૂ કરવામાં આવેલ છે. શિક્ષણએ દરેકનો અધિકાર છે. અને પૈસાના અભાવે સ્લમ વિસ્તારના બાળકો શિક્ષણથી અળગા ન રહે તે હેતુ સાર્થક કરવા માસિક ૧૫ હજારથી ૨૦ હજારનો ખર્ચ કરવામાં છે. જેમણે ક્યારેય ભણતરનું જ્ઞાન ન હોતું લીધું. તેવા બાળકો નજીકની શાળામાં અભ્યાસ કરવા દાખલ થયા છે. અને હાલ માતા–પિતા પણ શિક્ષણનું મહત્વ સમજી રહ્યા છે. ગરીબ અને સાવ સ્લમ વિસ્તારના વિધાર્થીઓ આ હરતી ફરતી શાળામાં આવે છે. અને અમે બધાં જ શિક્ષણ મેળવી રહ્યા છીએ. ત્યારે પૈસાની અછત કે પરિવારની સ્થિતિને કારણે બાળક અભ્યાસથી વંચિત ન રહે તે ધ્યેય સાથે એક શિક્ષિકા પણ અભ્યાસ કરાવે છે. અને ગરીબ બાળકો પ્રત્યેની સંવેદનાઓ વ્યક્ત કરી હતી. સવારે અને સાંજે એમ બે પાળીમાં આ હરતી ફરતી શાળામાં અભ્યાસ કરાવાઈ રહ્યો છે. આ હરતી ફરતી શાળા માત્ર એક બસમાં ચાલતી શાળા નથી પરંતુ ગરીબ બાળકોના સ્વપ્નઓની નવી ઉડાન આપતી એક આશાના સમાન કિરણ છે.

### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત

## ચલાલાની ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની દીકરી ખેલ મહાકુંભમાં અગ્રેસર

### કરાટેમાં રાજય કક્ષાની સ્પર્ધામાં ચમકી



ચલાલા, તા. ૫

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. વિદ્યાલયની એક પ્રતિભાશાળી દીકરી પ્રેક્ષા અતુલભાઈ ચોવટિયાએ રાજયસ્તરીય ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કરી નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. પોતાની મહેનત, શિસ્ત અને આત્મવિસાના બળે તેણે આ સિદ્ધિ મેળવી સંસ્થા, પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યુ છે.

આ સફળતા પાછળ પ.પૂજય સંત ડો. રતિદાદાના આશીર્વાદ તથા ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના યોગ્ય માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ઉપરાંત કરાટે કોચ હદીસાબેન અને રિધ્ધિબેનના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી વિદ્યાર્થિનીને સતત આગળ વધવાની પ્રેરણા મળી અને તે સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકી.

સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન મહેતા સહીત સ્ટાફગણ દ્વારા આ સિદ્ધિ બદલ દીકરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ ભવિષ્યમાં પણ તે વધુ ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવી હતી. ગાયત્રી સંસ્કાર વિદ્યાલય હંમેશા શિક્ષણ સાથે રમતગમત અને સર્વાંગી વિકાસને મહત્વ આપતું રહ્યું છે, જેના પરિણામરૂપે વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા ઉજાગર કરી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં શેડુભાર નજીક જીઆઈડીસી**

જીઆઈડીસીની સ્થાપના કરવાની જરૂરિયાત ઉભી થઈ છે.

દરમિયાનમાં ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખની આગેવાનીમાં હોદેદારોએ રાજય ઉર્જામંત્રી કૌશિકવેકરિયાનેપત્ર પાઠવીને શેડુભાર નજીક જીઆઈડીસીની સ્થાપનાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, શેડુભારનાં પાટીયા નજીક વિશાળ જમીન ખરાબાની પડેલી હોય તથા જીઆઈડીસીની સ્થાપના કરવામાં આવે તો અમરેલીનાં ઉદ્યોગપતિઓને સારી સવલત મળે એમ છે. હાલમાં ગુજરાતમાં નવી જીઆઈડીસીની બધે ફાળવણી છે તો અમરેલીને પણ જીઆઈડીસી મળે તે જરૂરી છે. અમરેલી જિલ્લો ખેતી પ્રધાન હોય તો નવી જીઆઈડીસી મળે તો મોટા ઉદ્યોગ પણ મળે અને રોજગારી વધે તેમ અંતમાં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં મતદારોનાં નામ કમી**

આવ્યો છે.

આ મામલે આજે બપોરે ૩–૦૦ કલાકે પ્રતાપ દુધાતની આગેવાનીમાં નાયબ કલેકટર–વ–ચુંટણી અધિકારી સમક્ષ આવેદનપત્ર રજૂ કરવામાંઆવ્યું હતું. આ સમયે ચંદ્રેશભાઈ રવાણી, નરેશભાઈ દેવાણી, કનુભાઈ ડોડીયા, મહેશભાઈ જયાણી, દાનુભાઈ ખુમાણ, હસુભાઈ બગડા, હિતેશભાઈ સરૈયા, અનિભાઈ ધામેલીયા, દુલાભાઈ ઉકાણી, નાસીભાઈ ચૌહાણ, સાહીલભાઈ શેખ, અશોકભાઈ ખુમાણ, જસુભાઈ ખુમાણ, રાજેશભાઈ ચૌહાણ, જીગ્નેશભાઈ ભરાડ, હિતેશભાઈ જયાણી, વિનુભાઈ ગુંદરનીયા, નિર્મળ ભાઈ વાટલીયા, ઓસાભાઈ પઠાણ, તુષારભાઈ અધ્વર્યુ, દીપકભાઈ સભાયા, જીગ્નેશભાઈ બગડા, ભાવેશભાઈ બગડા, પરિક્ષિત શિયાળ , વનરાજ ખંઢેલા, ઘનશ્યામભાઈ દુધાત, તાજુદીનભાઈ કુરેશી સહિત મોટી સંખ્યામાં મતદારો હાજર રહ્યા હતા. જેમણે પોતાનો ધર્મ નહીં પરંતુ પોતાનો મતાધિકાર બચાવવા સ્વયંભૂ આ લડાઈમાં સહકાર આપ્યો હતો. ચુંટણી અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ૪૫ થી વધુ ત્રાહિત વ્યકિતઓએ પાર્ટીના આદેશ મુજબ ખોટા નામો કમી કરવાના પ્રયાસો કર્યા હોવાની બાબત પૂર્વ ધારાસભ્યએ પકડી પાડી છે. આ સમગ્ર ઘટનામાં મતદારોના બંધારણીય અધિકારોનું હનન, લોકશાહી પ્રક્રિયાની પવિત્રતા પર ઘા અને મતાધિકાર છીનવવાની યોજિત સાજિસ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. આ કૃત્યો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને ૧૯૫૧ તેમજ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ), ૨૦૨૩ હેઠળ સ્પષ્ટ ગુનાહિત કૃત્યો બને છે.

આ સંદર્ભે પૂર્વ ધારાસભ્યએ આવેદનપત્ર આપી સ્પષ્ટ માંગણી કરી છે કે ફોર્મ નં. ૭ના આધારે થયેલી તમામ નામ કાપવાની કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે, જવાબદાર અરજદારો/બીએલએ પોતાની ભૂલ સ્વીકારી દિન–૫માં ચુંટણી અધિકારી સમક્ષ એફિડેવિટ જાહેર કરે અને તેની નકલ આપવામાં આવે અન્યથા કોઈપણ શેહ–શરમ રાખ્યા વિના કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે.

અંતમાં પૂર્વ ધારાસભ્યએ જનતાને સંદેશ આપતા જણાવ્યું કે, આ લડાઈ કોઈ ધર્મ સામે નથી, કોઈ જાતિ સામે નથી, કે કોઈ સમુદાય સામે નથી. આ લડાઈ છે ભારતીય બંધારણની, દરેક નાગરિકના મતાધિકારને બચાવવાની અને લોકશાહીને જીવંત રાખવાની સંવિધાનિક લડાઈ છે. જો વહીવટી સ્તરે ન્યાય નહીં મળે તો બંધારણમાં આપેલ અધિકાર મુજબ ન્યાયાલયનો આશરો લેતા પણ અમે પાછળ નહીં હટીયે, કારણ કે મતાધિકારએ કોઈ ઉપકાર નથી તે નાગરિકનો જન્મસિદ્ધ અધિકાર છે.

### ધારાસભ્ય તળાવીયાએ કર્યુ ખાતમુહૂર્ત

## બાબરા : થોરખાણ–લોનકોટડા માર્ગનું રૂપિયા ૧.૫૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ

### સમગ્ર પંથકનાં વાહનચાલકોમાં ખૂશીનો માહોલ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૫

બાબરા તાલુકાનાં થોરખાણથી લોનકોટડા રીસર્ફેસીંગ માર્ગનાં સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર ધ્વારા રૂા. ૧.૫૦ કરોડનાં વ્યયથી નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેકટનું ભવ્ય ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના કરમલેથી શુભ મુહૂર્તે સંપન્ન થયું.

કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય રસ્તાઓનો વિકાસ એ ગ્રામ્ય પ્રગતિનું મુખ્ય પાયુ છે. થોરખાણથી લોનકોટડા રીસર્ફેસીંગ માર્ગનું સુધારીકરણ પૂર્ણ થતાં લોકો માટે મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે. આ માર્ગ ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે. ખેતી–ખરાપત જેવા વ્યવસાયોને બજાર સાથે વધુ સક્ષમ રીતે જોડશે અને ગામોના સર્વાંગી વિકાસમાં પરિવર્તન લાવશે.

ધારાસભ્યએ વધુમાં ઉમેર્યુ કે, રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે અને આવનારા સમયમાં પણ આ પ્રકારના અનેક વિકાસ કાર્યો અમલમાં મુકવામાં આવશે. આ પ્રોજેકટમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનોને સીધો લાભ મળશે તથા આસપાસના વિસ્તાર માટે નવો વિકાસ માર્ગ ખુલશે.

ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા ભાજપ મહામંત્રી, પંચાયતના પ્રતિનિધિઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય માટે આનંદ વ્યકત કર્યો અને ધારાસભ્યની પ્રશંસા કરી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક જનતાએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો અને વિકાસયાત્રામાં સતત સાથે રહેવાની પ્રતિબધ્ધતા દર્શાવી.

### Name has been changed

I hereby declare, that my name, **Shekhda Hareshbhai Vithalbhai,** has been changed from my old name **Shekhda Hareshbhai Vitthalbhai.** Henceforth, I shall be known and identified by the name **Shekhda Hareshbhai Vithalbhai**.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૬૧૧ |
| ૨ | મગફળી | ૧૧૦૧ | ૧૨૪૦ |
| ૩ | ચણા | ૧૦૪૧ | ૧૦૪૧ |
| ૪ | તુવેર | ૧૩૦૧ | ૧૩૧૧ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૧૫ | ૧૪૮૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૩૦ | ૧૫૪૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૩૦ | ૧૮૪૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૮૮૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૦૫ |
| ૭ | તલ કાળા | ૧૩૧૦ | ૪૦૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૭૦ | ૧૯૭૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૫૫ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૩૫૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૦૮૦ |
| ૧૩ | સફેદ ચણા | ૯૭૫ | ૧૦૦૫ |
| ૧૪ | તુવેર | ૮૦૦ | ૧૬૪૫ |
| ૧૫ | કપાસ | ૧૦૮૫ | ૧૬૧૫ |
| ૧૬ | એરંડા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૧૭ | જીરૂ | ૨૧૦૦ | ૪૩૦૦ |
| ૧૮ | ધાણી | ૧૭૦૦ | ૨૦૪૫ |
| ૧૯ | નવા ધાણા | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ૨૦ | અજમા | ૧૫૦૦ | ૨૮૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૧૧૩૫ |
| ૨૨ | મરચા લાંબા | ૧૮૦૦ | ૬૩૦૦ |
| ૨૩ | કાંગ | ૨૫૫ | ૫૩૫ |
| ૨૪ | નવી ધાણી | ૧૬૨૦ | ૧૮૯૫ |

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૭૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૩ | મગફળી | ૧૪૩૫ | ૧૪૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ૩ | તલ કાળા | ૧૭૩૫ | ૩૩૦૧ |
| ૪ | જીરૂ | ૪૨૨૩ | ૪૮૧૨ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૧૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૭૦ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૬૦૯ |
| ૯ | અડદ | ૯૫૦ | ૧૪૦૦ |
| ૧૦ | ચણા | ૯૫૦ | ૧૧૨૦ |
| ૧૧ | તુવેર | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૧૩ | ધાણા | ૧૩૫૦ | ૧૭૭૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૧૦ | ૧૨૦૦ |
| ૨ | ઘઉં | ૫૧૧ | ૫૧૭ |
| ૩ | ચણા | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૪ | તુવેર | ૧૧૨૦ | ૧૬૦૦ |
| ૫ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૬ | શીંગદાણા | ૧૫૦૬ | ૧૫૦૬ |
| ૭ | સોયાબીન | ૧૦૫૫ | ૧૧૧૧ |
| ૮ | સફેદ ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૯ | લાલ તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૨ |
| ૪ | ચણા | ૧૦૧૨ | ૧૦૩૦ |
| ૫ | ધાણા | ૧૨૯૦ | ૧૬૦૦ |
| ૬ | જુવાર | ૭૦૦ | ૭૬૫ |
| ૭ | સોયાબીન | ૮૮૦ | ૧૦૮૫ |
| ૮ | મગફળી | ૯૦૦ | ૧૩૪૫ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૪૪૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૯૦ | ૧૬૦૦ |
| ૧૧ | મગ | ૯૦૦ | ૯૦૦ |
| ૧૨ | અડદ | ૮૮૦ | ૮૮૦ |
| ૧૩ | મેથી | ૫૦૦ | ૫૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૮૧૫ | ૧૮૮૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૦ | ૧૬૬૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૩૫ | ૧૪૮૫ |
| ૪ | તલ કાળા | ૩૨૪૦ | ૪૦૩૦ |
| ૫ | ચણા | ૮૯૦ | ૧૧૦૦ |
| ૬ | જીરૂ | ૨૯૬૦ | ૪૧૫૦ |
| ૭ | તુવેર | ૯૨૬ | ૧૫૫૪ |
| ૮ | ધાણા | ૧૧૧૦ | ૧૭૦૦ |
| ૯ | સોયાબીન | ૭૮૫ | ૧૦૮૫ |
| ૧૦ | તલ સફેદ | ૧૫૭૦ | ૧૮૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૭૦ |
| ૩ | તલ પીળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૩૯ |
| ૫ | બાજરો | ૩૨૫ | ૫૨૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૫૫ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૧૧૧૨ |
| ૮ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૯ | તુવેર | ૭૦૦ | ૧૪૦૦ |

# અમરેલી જિલ્લામાં ૬૬,૯૫૭ હેક્ટરમાં બાગાયતી પાકોનું વાવેતર






અમરેલી જિલ્લાના ખેડૂતો આજે બાગાયત ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે. ખેડૂતોની અવિરત મહેનત તથા રાજય સરકારની ખેડૂતલક્ષી યોજનાઓના અસરકારક અમલના પરિણામે જિલ્લામાં બાગાયતી ખેતીને પૂરતું પોષણ મળી રહ્યું છે. બાગાયત ક્ષેત્રે થયેલી નોંધપાત્ર પ્રગતિ જિલ્લાના કૃષિ વિકાસનું ઉજળું ચિત્ર રજૂ કરે છે. અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪–૨૫માં ૬૬,૯૫૭ હેક્ટર વિસ્તારમાં બગાયતી ખેતીનું વિસ્તરણ થયું છે. જે ગત વર્ષે ૬૬,૧૭૭ હેક્ટર હતું. આમ, જિલ્લામાં ૭૮૦ હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતીનો વ્યાપ વધ્યો છે. રાજય સરકારની સહાયથી ખેડૂતોને પ્રોત્સાહિત કરી જિલ્લામાં નવિન પાક તરકી ટીસ્યુ કલ્ચર ખારેકનું વાવેતરણ થઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વધુ પ્રમાણમાં વળે તે માટે બાગાયત વિભાગ દ્વારા ખેડૂત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે ખેડૂતોને એફ.પી.ઓ. અને એફ.પી.સી. રચના માટે પ્રોત્સાહિત કરીને પોતાનું બાગાયતી ઉત્પાદન સીધું જ ગ્રાહકો સુધી પહોંચાડી ઉત્તમ બજારભાવ મેળવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેના પરિણામે ખેડૂતની આવકમાં વધારો નોંધાયો છે. અમરેલી જિલ્લામાં નવીન અભિગમ તરીકે બાગાયત વિભાગ દ્વારા ટીસ્યુ કલ્ચર ખારેકના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને ખારેકને નવા પાક તરીકે સફળતાપૂર્વક પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. સાથે સાથે મધમાખી પાલનની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરીને ખેડૂતોને મધ ઉત્પાદન તરફ વાળવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ઉપરાંત જિલ્લામાં ડ્રેગનફ્રૂટ અને અંજીર જેવા નવા પાકોના વાવેતરનો નવીન અભિગમ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા અપનાવવામાં આવ્યો છે. નાયબ બાગાયત નિયામકની કચેરીના અહેવાલ મુજબ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ડિસેમ્બર અંત સુધીમાં અમરેલી જિલ્લામાં વિવિધ બાગાયતી યોજનાઓ હેઠળ કુલ ૧૦,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૧,૯૭૪.૧૪ લાખની સહાય ચુકવવામાં આવી છે, જે જિલ્લામાં બાગાયત ક્ષેત્રની સતત પ્રગતિ અને સરકારની ખેડૂતલક્ષી નીતિઓનું સશકત ઉદાહરણ છે. જિલ્લામાં ગ્રીન હાઉસ અને નેટહાઉસ થકી ખીરા કાકડીનો પાક લેવામાં આવે છે, જેના થકી ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે છે. અમરેલી જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની સ્થાપના થકી ખેડૂતોને ડુંગળી તેમજ લસણ અન્ય મરી મસાલાના પાકના પ્રોસેસિંગ થકી વિદેશમાં નિકાસ કરવાની ઉજળી તક પ્રાપ્ત થઈ છે.

### સાસણગીરમાં પુ.વિમલદાસ બાપુનાં આર્શીવાદ લીધા

## ચલાલાનાં રઘુવંશી સમાજનાં આગેવાનો ધાર્મિક સ્થળે પહોંચ્યા

### ''જયશ્રી રામ''નો જયઘોષ બોલાવ્યો



ચલાલા, તા. ૫

સાસણ ગીર–મેંદરડા હાઈવે પર આવેલા સુપ્રસિદ્ધ રાઘવેન્દ્ર આશ્રમની ચલાલા રઘુવંશી અગ્રણીઓએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાઘવેન્દ્ર આશ્રમના શાંત, સરળ, સૌમ્ય, સહજ, માયાળુ અને પરોપકારી સ્વભાવ ધરાવતા પૂજય મહંત ''વિમલ દાસ બાપુ'' ના જય શ્રી રામના જય ઘોષ સાથે ચલાલા રઘુવંશી વેપારી અગ્રણી અને ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી પ્રકાશભાઈ કારીયા અને ચલાલા રઘુવંશી વેપારી અગ્રણી રસિકભાઈ મગદાણી સહિતનાએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અને પુજય વીમલદાસ બાપુની દિવ્ય આધ્યાત્મિક વાણી સાંભળી ઉપસ્થિત રઘુવંશી વેપારી અગ્રણીઓ ખૂબ જ પ્રભાવિત બન્યા હતા. આ રાઘવેન્દ્ર આશ્રમમાં પ્રવેશ મેળવતા જ એકદમ મનને શાંતિ પ્રાપ્તિની અનુભૂતિ થતી હોય. એકવાર અવશ્ય આ રાઘવેન્દ્ર આશ્રમની મુલાકાત લેવા જેવી ખરી તેમ રઘુવંશી અગ્રણીઓએ જણાવેલ છે.

## બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચુકવાઈ



બગસરા, તા. ૫

બગસરા નાગરિક શરાફી સહકારીમંડળીલી.નીબગસરાશાખાના સભાસદ કુંદનબેન ત્રિવેદી તથા અબ્બાસભાઈ મહમદહુસેન હિરાણીનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાયનિધિનીરકમરૂપિયાર૫૦૦૦નો ચેકઅર્પણકરવામાંઆવેલ. આવેળાએ મંડળીના જનરલ એમ.ડી.નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી.મહેશભાઈ વ્યાસ, જનરલ સેક્રેટરી ડી.જી.મહેતા, શાખા સેક્રેટરી હેમેન્દ્રભાઈ કટેસિયા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેકઅર્પણકરવામાંઆવેલ.

## પક્ષીઓ પાસેથી 'મિતાહાર' અને 'ઉપવાસ'નો મળતો બોધ



અમરેલી, તા. ૫

માણસનું જીવન અલભ્ય છે. એવું કહેવાય છે કે ૮૪ લાખ જન્મનાં ફેરા ફર્યા બાદ મનુષ્ય જીવન મળે છે, પરંતુ આ અદભુત જીવનનો કેટલા લોકો સારી રીતે ઉપયોગ કરે છે એ આજનાં સમયનો એક મોટો પ્રશ્નાર્થ છે. માણસ સવારે ઉઠે છે અને રાત્રે મોડે મોડેથી સુવે છે ત્યાં સુધી લઈને એ કેટકેટલું એવું કરે છે જે એને, એનાં શરીરને, એની આત્માને નુકસાનકર્તા બને છે. એક વ્યકિત દ્વારા બીજા વ્યકિતનાં દિલને દુભાવવું, ઘરના સભ્યો સાથે યોગ્ય વ્યવહાર ન કરવો, સહકાર્યારીઓ સાથે સુયોગ્ય વ્યવહાર ન કરવો, સતત જંક ફૂડ ખાઈને શરીરને અસ્વસ્થ કરવું વગેરે ન જાણે કેટકેટલી ખરાબ આદતો માણસ સાથે લઈને જીવતો હોય છે. એવું કહીએ કે માણસ કરતાં તો પશુ, પક્ષી અને પ્રાણીઓ સમજદાર છે તેમાં કોઈ નવાઈ નહિ લાગે. આ માટે પક્ષીઓનું જ ઉદાહરણ લઈએ તો તેઓ પણ સ્વસ્થ, આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કેટલાંક નિયમો પાળે છે. તેઓ રાતે ભોજન નથી કરતા ઉપરાંત એ ક્યારેય એક સામટું ખાતા નથી, પોતાનું ભોજન ક્યારેય બદલતા નથી. એમની સામે જેટલા પણ દાણા હશે એ ક્યારેય બધા ખાઈ નહીં જાય. એમને જેટલી ભૂખ હશે એટલું જ ખાશે અને ઉડી જશે. પોતાની સાથે પણ કશું જ લઈ નહી જાય. તેઓ જો બીમાર પડશે તો ખાવાનું છોડી દેશે એટલે કે ઉપવાસ કરશે જે પ્રાકૃતિક ચિકિત્સાનું એક સ્વરૂપ છે. તેઓ ઠીક થાય પછી જ ફરીથી ખાવાનું શરૂ કરે છે. માણસે પણ આવી જ રીતે 'મિતાહાર' અને જરૂર પડે ત્યારે 'ઉપવાસ'ને અપનાવવો જોઈએ. પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલેખ્ખ છે. પક્ષીઓ રાત્રે પોતાનું ઘર છોડીને ક્યાંય બહાર આટા ફેરા કરવા જતા નથી, પોતાનાં બાળકોને યોગ્ય સમયે યોગ્ય શિક્ષા આપે છે અને યોગ્ય સમય આવ્યે તેમને માળામાંથી ઉડવાની અને ખુલ્લા આકાશમાં વિહરવાની પ્રેરણા પણ આપે છે. તેઓ પોતાના શરીર પાસેથી સતત કામ લે છે અને ફકત રાત્રે જ આરામ કરે છે. પરિશ્રમ કરવાથી હદય, કીડની, લીવરની બીમારીઓ થતી નથી. તેઓ પર્યાવરણને અનુકુળ રહે છે, પોતાનું રહેઠાણ પણ પર્યાવરણને અનુકુળ હોય તે રીતે જ બનાવે છે. પ્રકૃતિ પાસેથી એ એટલું જ લે છે જેટલી એમને જરૂર છે, પોતાની માતૃભાષા માટે પ્રેમ અનુભવે છે અને વ્યવહારમાં પણ તે જ ઉપયોગમાં લે છે. આમ આવા જીવો પાસેથી માણસે પણ કશુક શીખવું જોઈએ અને વ્યવહારમાં અપનાવવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### કપોળ મહાજન દ્વારા આગામી રવિવારે સાંજે

## અમરેલીનાં કપોળ મહાજનનાં શ્રેષ્ઠી ગજેન્દ્રભાઈ દેસાઈ (ગીજુકાકા)નાં જન્મદિને યુરેનિયમ મહોત્સવ

### કપોળ મહાજનવાડી ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરાયું



અમરેલી, તા.૫

અમરેલી કપોળ મહાજનના અગ્રણી અને સમાજ શ્રેષ્ઠી ગજેન્દ્રભાઈ નરોત્તમદાસ દેસાઈ ( ગીજુકાકા)ના જીવન સફરના ૯૦ વર્ષ પુર્ણ કરી રહ્યાં હોય આગામી ૮ ફેબ્રુઆરીને રવિવારે અમરેલી ખાતે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કપોળ મહાજન તરફથી કરવામાં આવેલ છે. કપોળ મહાજનવાડી (યુનિટ–૧) ખાતે સન્માન,સંગીત અને શાહી ભોજનનો ત્રિવિધ મહોત્સવનું આયોજન, સાંજનાં ૫:૩૦ કલાકે કરાયું હોય જ્ઞાતિજનો અને આમંત્રિતોને ઉપસ્થિત રહેવા કપોળ મહાજન પ્રમુખ રાજુભાઈ મહેતાએ અનુરોધ કરેલ છે.

## ચરખા–ચમારડી માર્ગ પર ૧.૫૦ કરોડના ખર્ચે બ્રિજ મંજૂર : જનક તળાવિયા

બાબરા, તા. ૫

બાબરા તાલુકાના ચરખા–ચમારડી માર્ગ પર વર્ષોથી પ્રવર્તતી વાહનવ્યવહારની ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા કરવામાં આવેલી સતત રજૂઆતોને મોટી સફળતા મળી છે. સરકાર દ્વારા આ માર્ગ પર માઈનોર બ્રીજના નિર્માણ માટે ૧.૫૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જે વિસ્તારના વિકાસ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.ચરખા–ચમારડી માર્ગ પર આવેલા નાળામાં દર વર્ષે વરસાદી સિઝન દરમિયાન પાણી ભરાઈ જવાથી રસ્તો બ્લોક થઈ જતો હતો. આ પરિસ્થિતિને કારણે શાળા–કોલેજે જતા વિદ્યાર્થીઓ, ઈમરજન્સીમાં હોસ્પિટલ જતા દર્દીઓ અને પંથકના ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. ધારાસભ્ય જનક તળાવીયાએ જનતાની આ પીડાને વાચા આપી સંબંધિત વિભાગમાં અસરકારક રજૂઆતો કરી હતી. તેમના વિકાસલક્ષી અભિગમને કારણે હવે આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.આ નવો બ્રીજ બનવાથી માત્ર અવરજવર જ સુગમ નહીં બને, પરંતુ સ્થાનિક ખેતી અને અર્થતંત્રને પણ મોટો વેગ મળશે. ખેડૂતો હવે કોઈપણ ઋતુમાં પોતાનો ખેતી પાક સુરક્ષિત રીતે અને ઝડપથી બજાર સુધી પહોંચાડી શકશે. જનહિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા આ કાર્યથી ચરખા, ચમારડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં હર્ષની લાગણી ફેલાઈ છે અને લોકોએ ધારાસભ્યનો હદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**

ઠે. મહુવા રોડ, રેલવે ફાટક પાસે, સાવરકુંડલા


**જાહેરાત**

બજાર સમિતિ-સાવરકુંડલાને જનતા ગ્રુપ અકસ્માત વિમા યોજના અંતર્ગત સાવરકુંડલા તાલુકાનાં અંદાજે ૧,૪૦,૦૦૦ થી વધારે ખાતેદાર ખેડૂતો તથા બ.સ.ના નોંધાયેલ લાયસન્સદારો, નોંધાયેલ મજુરો, બ.સ.નાં કર્મચારીઓ, વ્ય.કમીટીના સભ્યો વિગેરે ઉંમર વર્ષ-૧૦ થી ૭૦ સુધીના નો રૂા.૧,૦૦,૦૦૦ નો એક વર્ષની મુદ્દત માટે જનતા ગ્રુપ અકસ્માત વિમો લેવાનો થતો હોય, સરકારી વિમા કંપનીઓ પાસેથી પ્રીમીયમનાં ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી સરકારી કંપનીએ પોતાનાં પ્રીમીયમનાં દર બંધ કવરમાં દિવસ - ૦૭ માં બજાર સમિતિ - સા.કું. ની ઓફીસે પહોંચતા કરવા.

| | | |
|---|---|---|
| **શ્રી દિપકભાઈ કે. માલાણી** | **શ્રી મહેશભાઈ એમ.લખાણી** | **શ્રી જે.વી. માલાણી** |
| **ચેરમેનશ્રી** | **વાઈસ ચેરમેનશ્રી** | **સેક્રેટરીશ્રી** |

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**

# કપાસના સુકાયેલા છોડમાંથી ઓછા ખર્ચે ઉત્તમ ખાતર : સળગાવવાને બદલે ખેતીમાં નવો અવસર





ગુજરાતભરમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં કપાસનો પાક મોટા પાયે લેવાય છે. હાલ કપાસનું ઉત્પાદન પૂર્ણ થયું છે અને ખેતરોમાં કપાસના સુકાયેલા છોડ, ડાળીઓ અને પર્ણનો ઢગલો જોવા મળે છે. સામાન્ય રીતે ઘણા ખેડૂતો આ અવશેષોને સળગાવી દે છે અથવા ખેતરમાંથી કાઢી ફેંકી દે છે. પરંતુ કૃષિ તજજ્ઞોના જણાવ્યા મુજબ, આ જ કપાસના અવશેષોને યોગ્ય રીતે પ્રક્રિયા કરીને ઉત્તમ અને ઓછા ખર્ચે ખાતર બનાવી શકાય છે, જે ખેતી માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. ચેતનભાઈ કુંભણી, કૃષિ તજજ્ઞ જણાવે છે કે, ''ગુજરાતમાં કપાસનો પાક પૂર્ણ થયા બાદ જે સુકાઈ ગયેલ છોડ, ડાળીઓ અને પર્ણ રહે છે, તેને સળગાવવાને બદલે ખાતર સ્વરૂપે ઉપયોગ કરવો જોઈએ. સળગાવવાથી વાતાવરણ પ્રદૂષિત થાય છે, ધુમાડો ફેલાય છે અને જમીનની ઉપજ ક્ષમતા ઘટે છે. જયારે એ જ અવશેષોને જમીનમાં ભેળવી દેવામાં આવે તો તે જમીન માટે કુદરતી પોષક તવો પૂરાં પાડે છે.'' ખેડૂતોએ સૌ પ્રથમ કપાસના સુકાયેલા છોડ, પર્ણ અને ડાળીઓને રોટાવેટર દ્વારા જમીનમાં ભેળવી દેવા જોઈએ. આ પ્રક્રિયા પછી બજારમાં સરળતાથી મળતા ટ્રાયકોડર્મા જેવા લાભદાયક બેક્ટેરિયા તેમાં ઉમેરવા જરૂરી છે. આ બેક્ટેરિયા અવશેષોને ઝડપથી સડાવવામાં મદદ કરે છે અને ટૂંકા સમયમાં જ તે ખાતર સ્વરૂપે પરિવર્તિત થઈ જાય છે. યોગ્ય ભેજ રાખવા માટે થોડું પાણી છાંટવું પણ જરૂરી છે. ચેતનભાઈ વધુમાં કહે છે કે, જો ખેડૂત ઈચ્છે તો તમામ કપાસના અવશેષોને એક જગ્યાએ એકત્ર કરીને ભુક્કો બનાવી શકે છે. ત્યારબાદ તેમાં ટ્રાયકોડર્મા બેક્ટેરિયા ભેળવીને ઉપરથી પાણી નાખી અને માટીથી ઢાંકી દેવી જોઈએ. આ રીતે લગભગ ત્રણ મહિનાના સમયમાં ૧૦૦ ટકા કુદરતી ખાતર તૈયાર થઈ જાય છે. આ ખાતર ઓર્ગેનિક ખાતર કરતાં પણ વધુ પોષક અને ફાયદાકારક માનવામાં આવે છે. કપાસના છોડમાં રહેલો લિગ્નોસેલ્યુલોઝ તત્વ ખાસ મહત્વનો છે. જો આ અવશેષોને ઓક્સિજન વગરની પરિસ્થિતિમાં સડાવવામાં આવે તો તેમાંથી બાયોગેસ ઉત્પન્ન થાય છે, જેને બળતણ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. સાથે સાથે જે અવશેષ બચે છે તે ઉત્તમ કાર્બનિક ખાતર તરીકે કામ આપે છે. આ રીતે ખેડૂત ઊર્જા અને ખાતર બંનેનો લાભ મેળવી શકે છે. આ પદ્ધતિ અપનાવવાથી ખેડૂતોને ઘણા ફાયદા થાય છે. પ્રથમ, સળગાવવાથી થતા પર્યાવરણના નુકસાનથી બચી શકાય છે. બીજું, બજારમાંથી મોંઘું રાસાયણિક ખાતર ખરીદવાની જરૂર ઘટે છે. ત્રીજું, જમીનની જૈવિક ગુણવત્તા વધે છે અને લાંબા ગાળે પાકની ઉપજમાં વધારો થાય છે. આથી, કપાસ ઉગાડતા તમામ ખેડૂતોને અપીલ છે કે તેઓ કપાસના સુકાયેલા છોડ, ડાળીઓ અને પર્ણને ફેંકી દેવા અથવા સળગાવવાના બદલે ખાતર બનાવવા માટે ઉપયોગ કરે. આ કુદરતી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ઓછા ખર્ચે ઉત્તમ ખાતર તૈયાર કરી શકાય છે, જે ખેતીને વધુ નફાકારક અને પર્યાવરણને અનુકૂળ બનાવશે.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કિડની તથા પેશાબ સંબંધિત રોગોનાં નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી
આપણા શહેર અમરેલીમાં
તારીખ : ૦૯/૦૨/૨૦૨૬
નિયમિત દર મહિનાના પહેલા શુક્રવારે ઓપીડી
વધુ માહિતી માટે 97146 63537
સમય : સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી
ડો. રોનક ભાલોડિયા
MBBS, MD (Medicine)
DrNB (Nephrology)
કન્સલટન્ટ, નેફ્રોલોજી
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.
નામ લખવા માટે સંપર્ક કરો : 99045 93355 ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૯

## પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત આવ્યા મેદાનમાં

# સાવરકુંડલામાં મતદારોનાં નામ કમી કરવાનો મુદ્દો ઉગ્ર બન્યો

**ભાજપનાં અમુક કાર્યકર્તાઓ દ્વારા ખોટી રીતે ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા હોવાની શંકા દર્શાવી**

**માહિતી અધિકાર અધિનિયમ નીચે મળેલ માહિતીમાં ૪૫ થી વધુ ત્રાહિત વ્યકિતઓએ ખોટા ફોર્મ ભર્યાનું જણાવ્યુ**

**વિશાળ જનમેદની સાથે નાયબ ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી**

**કોંગી અગ્રણી ચંદ્રેશ રવાણી, નરેશ દેવાણી, હિતેષ સરૈયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં એસઆઈઆર–૨૦૨૬ અંતર્ગત બીએલઓ દ્વારા કામગીરી પૂર્ણ થયા બાદ પ્રસિદ્ધ થયેલ ડ્રાફટ મતદાર યાદી પછી અમુક રાજકીય પ્રેરિત તત્વો દ્વારા સર્વે સમાજના નામ કમી કરવા અને લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડવાના ગંભીર પ્રયાસો સામે આવ્યા છે. અમુક કાર્યકર્તાઓ દ્વારા ખોટી રીતે ફોર્મ નં. ૭ ભરવામાં આવ્યા હોવાની ગંભીર શંકા ઉપજી હતી.

આ સંદર્ભે એક જવાબદાર નાગરિક તરીકે નાયબ કલેકટર તથા ચુંટણી અધિકારી, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા પાસે જાહેર માહિતી અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી માંગવામાં આવી હતી. જેમાં રૂા. ૨૧,૫૭૬ જેટલી ફી ભરપાઈ કરી પ્રાપ્ત થયેલી માહિતીના આધારે સ્પષ્ટ થયું છે કે ભારતીય જનતા પાર્ટીના અમુક બીએલએ–કાર્યકર્તાઓ દ્વારા કોઈ આધાર પુરાવા વિના, દુર્ભાવનાપૂર્વક અને પૂર્વનિયોજિત રીતે ફોર્મ નં. ૭નો દુરૂપયોગ કરી ચોક્કસ વિચારધારા ધરાવતા મતદારોના નામ મતદાર યાદીમાંથી કાપવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૪૫ થી વધુ ત્રાહિત વ્યકિતઓ/બીએલએ દ્વારા ખોટા ફોર્મ નં. ૭ દાખલ કરવામાં આવ્યા હોવાનો ગંભીર મુદ્દો સામે

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. મૌલિક ભડાણીયા
ગેસ્ટ્રોસર્જન
પેટ,આંતરડા,લીવરના સર્જન
તા.૦૯/૦૨/૨૦૨૬ - શુક્રવારે, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,40,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૫૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી
મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1 (Experience : 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience : 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience : 1-2 Years)
- Liaisoning Officer - 1 (Experience : 1-2 Years (Male))
- Junior Accountant - 1 (Experience : 1-2 Years)
- Trainer – 2 (Experience : 1-2 Years)

Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)